વૈષ્ણવોને જીવનમાં કર્તવ્ય માટે ઉપયોગી

શ્રીવલ્લભ-વચનામૃત-સંગ્રહ

સંકલન-વિવચેન

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી- વડોદરા.

-: પ્રકાશક :-

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) શ્રીમદ્ભગવદ્ગીતા-વિશ્વરૂપ દર્શનયોગ (અગિયારમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૨) શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.) (પ્રમીલાવ્યાખ્યાસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૩) શ્રીમદ્ ભગવદ્ગીતા-દૈવાસુર સમ્પદ્વિભાગયોગ (સોળમો અ.) (અન્વય-ભાવાર્થસહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) The Way of the Excellent life	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૧૮,૦૦૦
(૫) ShreeVallabhacharyaji-His life and Works and His message for Mankind	સૌ. શ્રીવ્રજલતા વહુજી	અંગ્રેજી	૩૫,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૮	વડોદરા શિબિર	૧૫	૩૦૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮) ભક્તિવર્ધિની ભાગ-૬	જૂનાગઢ શિબિર	૨	૪૦
૧૯) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૩	૬૦
૨૦) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૧) યમુનાષ્ટક	મુંબઈ પ્રવચન	૯	૧૮૦
૨૨) વિવેકધૈર્યાશ્રય	મુંબઈ પ્રવચન	૯	૧૮૦
૨૩) ભક્તિવર્દ્ધિની	મુંબઈ પ્રવચન	૩	૬૦
૨૪) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૫) રાસપંચાધ્યાયી	મુંબઈ પ્રવચન	૩	૬૦
૨૬) ગોપીગીત	મુંબઈ પ્રવચન	૨	૪૦
૨૭) દાનલીલા	મુંબઈ પ્રવચન	૧	૨૦
૨૮) યુગલગીત	મુંબઈ પ્રવચન	૧	૨૦
૨૯) ભ્રમરગીત	મુંબઈ પ્રવચન	૧	૨૦
૩૦) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઈ પ્રવચન	૨	૪૦
૩૧) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૨) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૩) કીર્તન-ભાવાર્થ શિબિર	અમદાવાદ શિબિર	૭	૧૪૦
૩૪) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૫) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૬) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૭) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૮) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૯) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઈ પ્રવચન	૧	૨૦
૪૦) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૧) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૨) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૩) શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૪) વેણુગીત	બેંગ્લોર-રાજકોટ ક્લાસ	૩	૬૦
૪૫) ભક્તિહંસ	વડોદરા શિબિર	૭	૧૪૦
૪૬) વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૭) ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૮) ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૯) પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૫૦) અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૨	૪૦
૫૧) પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૨) અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૩) અષ્ટાંગયોગ,અણુભાષ્ય, નવરત્ન શિવરાત્રીવ્રત, ભગવચ્ચરણચિહ્ન	બાળ-શિબિર-૭ જૂનાગઢ	૧	૨૦
૫૪) દામોદરલીલા,અધિકમાસનું માહાત્મ્ય	વડોદરા પ્રવચન	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

વૈષ્ણવોને જીવનમાં કર્તવ્ય માટે ઉપયોગી

શ્રીવલ્લભ–વચનામૃત–સંગ્રહ

સંકલન–વિવચેન

પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી– વડોદરા.

આ પુસ્તકમાં દ્રવ્ય સહાયકર્તા -

અ.સૌ.રેખાબેન નવનીતભાઈ શાહ
તથા પરિવારના જયશ્રીકૃષ્ણ
૨૬, ગુરુપ્રસાદ સોસાયટી, સ્ટેડિયમ પાછળ, વડોદરા-૩૯૦૦૦૭.
ફોન - ૨૩૫૭૪૦૫

-: પ્રકાશક :-

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

ચુનીભાઈ શાહ, કૃષ્ણકાન્તભાઈ શાહ, વિનોદભાઈ શાહ
'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : shreevallabhvitthal@gmail.com

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ, એપ્રિલ ૧૯૮૯ પ્રત -૨૦૦૦

દ્વિતીય સંસ્કરણ - મે ૧૯૮૯ પ્રત - ૩૦૦૦

તૃતીય સંસ્કરણ - વિ.સં.૨૦૬૯ કાર્તક માસ નવેમ્બર-૨૦૧૨
પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - રૂા.૫-૦૦ (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દિવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા - સંસ્થાપિત
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા
પ્રકાશિત પુસ્તકોની યાદી

(❁ આ ચિહ્નવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે)

(ગુજરાતી પુસ્તકો)

ષોડશગ્રન્થો વિષયક

	પુસ્તકનું નામ	**લેખક**	**કિંમત**	
(૧)	ષોડશ ગ્રન્થો (સરળસાર)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦	
(૨)	બાલબોધ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૩)	સિદ્ધાન્ત મુક્તાવલિ (સર્વ ટીકાઓના ભાવાનુવાદ સહ)	પ્રાચીન પુસ્તકનું પુનઃ પ્રકાશન	૨૦-૦૦	❁
(૪)	સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા તથા તેના અનુવાદ સહ)	શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ	૧૦-૦૦	❁
(૫)	તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૬)	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૭)	સિદ્ધાન્તરહસ્યદર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.શ્રી. ચંદ્રગોપાલજી	૬૦-૦૦	
(૮)	સિદ્ધાન્તરહસ્યદર્શન ભાગ-૨ (વિવરણ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૬૦-૦૦	
(૯)	સિદ્ધાન્તરહસ્ય (શ્રીગોકુલનાથજી તથા શ્રીપુરુષોત્તમજીની ટીકા તથા તેના અનુવાદ સહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૧૦)	નવરત્ન (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૧)	સમર્પણનો સિદ્ધાન્ત	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૨)	અન્તઃકરણપ્રબોધ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૧૩)	વિવેકધૈર્યાશ્રય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૪)	પુષ્ટિમાર્ગીય વિવેક	ગો.શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦	
(૧૫)	વિવેકધૈર્યાશ્રયના અન્તર્ગત ‘ધૈર્ય’	સૌ.શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦	
(૧૬)	વિવેકધૈર્યાશ્રય (શ્રીગોપીશજીની ટીકા) (મૂલ તથા અનુવાદસહ)	ગો.શ્રીરાજકુમારજી	૧૦-૦૦	
(૧૭)	કૃષ્ણાશ્રય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦	
(૧૮)	કૃષ્ણાશ્રયદર્શન ભાગ-૨ (સ્તોત્ર વિવરણ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૪૦-૦૦	
(૧૯)	કૃષ્ણાશ્રય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	❁
(૨૦)	ભક્તિવર્ધિની (શ્રીગોકુલનાથજી તથા શ્રીપુરુષોત્તમજી કૃત વિવૃતિ તથા તેના ભાવાનુવાદ સહ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦	
(૨૧)	જલભેદ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	

(૨૨)	જલભેદદર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫૦-૦૦
(૨૩)	સંન્યાસનિર્ણય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૨૪)	સંન્યાસનિર્ણય -૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૪૦-૦૦
(૨૫)	શિક્ષાશ્લોકાઃ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૫-૦૦

ભગવદ્ ગીતા વિષયક

(૨૬)	શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ કર્મનું રહસ્ય ભાગ-૧-૨	ગો. શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦
(૨૭)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિષાદયોગ (પ્રથમ અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૨૮)	શ્રીમદ્ ભગવદ્ગીતા જ્ઞાનવિજ્ઞાનયોગ (સાતમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૨૯)	શ્રીમદ્ ભગવદ્ગીતા બ્રહ્મયોગ (આઠમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૦)	શ્રીમદ્ ભગવદ્ગીતા રાજવિદ્યારાજગુહ્યયોગ (નવમો અ.) (અ.-ભા.સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૧)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિભૂતિયોગ (દસમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(૩૨)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિશ્વરૂપદર્શનયોગ (અગિયારમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૩)	શ્રીમદ્ ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.) (પ્રમીલા વ્યાખ્યાસહ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૪)	શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૫)	શ્રીમદ્ ભગવદ્ગીતા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ (તેરમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૬)	શ્રીમદ્ભગવદ્ગીતા ગુણત્રય-વિ.યોગ(ચૌદમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૭)	શ્રીમદ્ભગવદ્ગીતા પુરુષોત્તમયોગ (પંદરમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૮)	શ્રીમદ્ ભગવદ્ગીતા દૈવાસુરસમ્પદ્વિભાગયોગ (સોળમો અ.)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૯)	શ્રીમદ્ભગવદ્ગીતા શ્રદ્ધા વિવેકયોગ (સત્તરમો અધ્યાય)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૦)	શ્રીમદ્ભગવદ્ગીતા (મોક્ષસંન્યાસયોગ) (અઢારમો અધ્યાય)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૪૧)	ન્યાસાદેશ વિવરણ	(મૂલ તથા અનુવાદ)	૧૦-૦૦

(૪૨) સર્વનિર્ણય પ્રકરણ (કારિકા ૨૫૬ થી ૨૯૪)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૩) ભક્તિહંસ	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૧૫-૦૦
(૪૪) શ્રીવલ્લભાચાર્યજીના મતે પ્રસ્થાનચતુષ્ટય	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૫) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૪૬) શ્રીવલ્લભાચાર્યજીના મતે શ્રીભાગવત પ્રકરણ વિભાગ ‘રસમાલયમ્’	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૭) શ્રીવલ્લભવચનામૃત સંગ્રહ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૪૮) વૈષ્ણવ માર્ગપ્રદર્શિકા (અધિકમાસ વગેરેમાં લેવા યોગ્ય નિયમો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૯) જીવનનો સર્વશ્રેષ્ઠ પ્રકાર	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૫-૦૦
(૫૦) શ્રીમદ્ભાગવત એક અધ્યયન	ઊર્મિલ (સાવલી)	૭-૦૦ ❁
(૫૧) પુષ્ટિમાર્ગીય જીવનપદ્ધતિ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૫૨) પ્રશ્ન-ઉત્તર	**પ્રશ્નકર્તા-** ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	૨૦-૦૦

ઉત્તર આપનાર :-
(૧) પૂ.ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી
(૨) પૂ.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી
(૩) પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી
(૪) પૂ.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી
(૫)પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી
(૬) પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી મહોદયાશ્રી

(૫૩) પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો (પ્રોટોકોલ્સ) ભાગ-૧	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૨-૦૦
(૫૪) પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો (પ્રોટોકોલ્સ) ભાગ-૨	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૨-૦૦
(૫૫) બ્રહ્મસંબન્ધ (બ્રહ્મસંબન્ધ અંગેના પ્રશ્નો અને એના ઉત્તરો)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૫૬) જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ચરિત્ર, ઉપદેશસાર, ગ્રન્થો	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૫૭) શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલેશ્વરજી	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૧૦-૦૦
(૫૮) શ્રીગોપીનાથજી	ડો.પીયૂષ પરીખ	૧૦-૦૦
(૫૯) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૧	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૦) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૨	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૧) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૩	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૨) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૧	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૩) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૨	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૪) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૩	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૫) ભગવત્સેવોપયોગી સંકલ્પ પૂજનાદિ પ્રકાર	સમ્પાદક -શાસ્ત્રીજી ઉદયન હ. શુક્લ	(ફક્ત શ્રીમહારાજશ્રી ની આજ્ઞાથી પ્રાપ્ય)
(૬૬) ગુરુદેવાષ્ટકમ્-શ્રીવલ્લભાષ્ટકમ્	અનુ.ગો.વા.કાશીરામજી	૫-૦૦

(૬૭) શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અને **આધુનિક પુષ્ટિ સમ્પ્રદાય** એક વિશ્લેષણ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૬૮) પ્રભાતાષ્ટક તથા ભગવદ્ ચરણચિહ્નવર્ણનમ	અનુ.ગો.વા.કાશીરામજી	૫-૦૦
(૬૯) તસ્મૈ શ્રીગુરવે નમઃ	સૌ.શ્રીવ્રજલતાવહૂજી	૧૦-૦૦
(૭૦) ષોડશગ્રંથ સંગતિ	અનુ. રમેશભાઈ શાહ તથા શ્રીપ્રદ્યુમ્નભાઈ શાસ્ત્રીજી	૧૦-૦૦
(૭૧) શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ્	અનુ.ગો.વા.કાશીરામજી	૧૦-૦૦
(૭૨) પુષ્ટિમાર્ગીય સાધના સોપાન ભાગ-૧	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦
(૭૩) પુષ્ટિભક્તિ	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(હિન્દી પુસ્તકો)

(૭૪) समर्पण का सिद्धान्त	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૭૫) ब्रह्मसम्बन्ध	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૭૬) पुष्टिमार्गीय साधना सोपान भाग - १	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦
(૭૭) श्रीमद् जगद्गुरु श्रीवल्लभाचार्यजीकी दृष्टिमें दशमस्कन्धविचार	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૭૮) जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी-सम्प्रदाय एवं उसकी आचार्य-परम्परा	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૭૯) श्रीमत्प्रभुचरण श्रीगुसाँईजी श्रीविठ्ठलेश्वरजी	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦

(૮૦) श्रीगुसाँईजी की निजवार्ता	સંગ્રાહક ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૧) वैष्णव मार्ग प्रदर्शिका (अधिकमास आदिमें लेने योग्य नियम)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૮૨) गद्यमंत्र विवरणानि	પ્રાચીન પાંચ ટીકાકારોની ટીકાઓ અનુવાદ સહ)	૧૦-૦૦
(૮૩) जीवन का सर्वश्रेष्ठ प्रकार	સૌ. શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦
(૮૪) सूरभाव धारा	પ્રો. આર.એન. તલાટી	૩-૦૦
(૮૫) तस्मै श्रीगुरवे नमः	સૌ. શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦
(૮૬) वैष्णव आह्निकम्	(પાઠ કરવા માટેનું પુસ્તક)	૪૦-૦૦
(૮૭) भक्तिवर्धिनी (श्रीगोकुलनाथजी तथा श्रीपुरुषोत्तमजी कृत विवृति तथा भावानुवाद सह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૮) सिद्धान्त रहस्य (श्रीगोकुलनाथजी तथा श्रीपुरुषोत्तमजी कृत विवृति तथा भावानुवाद सह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૯) श्रीमद्भगवद्गीता भक्तियोग (बारहवाँ अध्याय) (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૦) कर्म का रहस्य भाग - १	ગો. શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦
(૯૧) श्रीमद्भगवद्गीता दैवासुरसम्पद्विभागयोग (सोलहवाँ अध्याय) (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(૯૨)	जलभेद (अन्वय-भावार्थसह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૩)	विवेकधैर्याश्रय (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(અંગ્રેજી પુસ્તકો)

(૯૪)	**Brahmsambandha Or Self dedication**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૫)	**Secret of "Action"-1 (As Discussed in Shrimad Bhagavad Gita)**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦
(૯૬)	**The Way of the Excellent life**	સૌ. શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૯૭)	**The Individual Soul In The Taittiriya Upanishad**	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૫-૦૦
(૯૮)	**Pustimargiya Songs**	પ્રો.એમ.આર.પાલેજા	૧૦-૦૦
(૯૯)	**Pustimargiya Songs**	પ્રો.એમ.આર.પાલેજા	૧૦-૦૦
(૧૦૦)	**Shri Vallabhacharyaji, His Sampradaya & Acharya Parampara**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

આ ઉપરાંત નાનાં બાળકોને રમવા માટે **‘પ્રબોધપટ’ (સાપ-સીડીની રમત)** તેના અર્થો જણાવતી પુસ્તિકાસહ તથા સોગઠા વગેરે સહ બહાર પાડવામાં આવી છે.

આ ઉપરાંત છેલ્લાં ૨૪ વર્ષથી ટ્રસ્ટ દ્વારા **વૈષ્ણવ પંચાંગ**નું પ્રકાશન કરવામાં આવે છે જેમાં પંચાંગ-ટિપ્પણી ઉપરાંત સેવાવિષયક જાણકારી આપતાં સુંદર લેખો પ્રકાશિત થાય છે. તેમજ છેલ્લાં ૧૯ વર્ષથી ટ્રસ્ટ દ્વારા **પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવની ટિપ્પણી** કાર્તકથી બીજા વર્ષના ફાગણ વદ સુધીની ૧૭ માસની પ્રકાશિત કરવામાં આવે છે.

આ ઉપરાન્ત ટ્રસ્ટ દ્વારા બે ઓડિયો સી.ડી. પણ પ્રસ્તુત કરવામાં આવી છે જે પૈકી ઓડિયો સીડી **(૧) ‘વહી રસના જો હરિગુન ગાયે’** નામની જેમાં **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતાવહુજી** તેમજ વડોદરાના મહારાજા **શ્રીમન્ત રણજિતસિંહજી ગાયકવાડ** તેમજ આકાશવાણી વડોદરાના ભૂ.પૂ. નિયામક **શ્રીજયદેવભાઈ ભોજક**ના સુમધુર કંઠે ગવાયેલ પુષ્ટિમાર્ગીય છ સ્તોત્રો, અષ્ટકો જેમાં મધુરાષ્ટક, શ્રીગિરિરાજધાર્યષ્ટક વગેરેનો સમાવેશ થાય છે અને જેનું સ્વરનિયોજન વડોદરા આકાશવાણીના ભૂ.પૂ. નિયામક શ્રીજયદેવભાઈ ભોજકે કર્યુ છે તેમજ જેનું સંગીત નિયોજન મુંબઈના સુપ્રસિદ્ધ શ્રીનવીનભાઈ શાહ (વર્ણમ્વાળાએ) કર્યુ છે અને જેની કિંમત પુસ્તિકા સાથે રૂા. ૪૦-૦૦ છે તે તથા **(૨)** બીજી ઓડિયો સીડી **‘પ્રેમદીવાની ગોપિયોં કે શ્રીકૃષ્ણ-વિરહ ગીત’** નામની જેમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત, ભ્રમરગીત **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહુજીના** સુમધુર કંઠે ગવાયેલ છે તથા જેનું સ્વરનિયોજન શ્રીજયદેવભાઈ ભોજકે કર્યુ છે અને સંગીત નિયોજન મુંબઈના સુપ્રસિદ્ધ ગિનિ સ્ટુડિયોવાળા શ્રીઆસિત દેસાઈએ કર્યું છે. આની ન્યોછાવર પુસ્તિકા સાથે રૂા. ૪૦-૦૦ રાખવામાં આવી છે.

વ્યવસ્થાપક શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. ચુનીભાઈ જી. શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ શાહ
‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ,
અકોટા રોડ,દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન(૦૨૬૫) ૨૩૨૬૮૯૭, (સમય બપોરે ૨ થી ૬)

બે બોલ

(પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)

શ્રીગોવર્ધનધરણ, શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણની અનુકમ્પાથી **‘શ્રીવલ્લભવચનામૃત-સંગ્રહ’** પુસ્તિકાનું તૃતીય સંસ્કરણરૂપે પ્રકાશન થવા જઈ રહ્યું છે તેથી હું પ્રસન્નતા અનુભવી રહ્યો છું. આ પુસ્તિકાનું પ્રથમ સંસ્કરણ-પ્રકાશન ઈ.સ.૧૯૮૯માં થયું હતું તેનું આ તૃતીય સંસ્કરણ છે.

આ પ્રકાશનનાં કાર્યમાં વડોદરામાં અકોટા વિસ્તારમાં નિવાસ કરતા અ.સૌ.રેખાબેન નવનીતભાઈ શાહ કે જેઓ અમારા શનિવારના ક્લાસોમાં તથા શિબિરોમાં નિયમિત ઉપસ્થિત રહી શ્રવણ કરે છે તથા સામ્પ્રદાયિક શિક્ષણ મેળવે છે તેમણે આમાં ઉદારતાથી-સ્વેચ્છાએ આ પુસ્તિકા માટે પ્રકાશનના સમ્પૂર્ણ ખર્ચનો દ્રવ્યવિનિમય શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોની સેવામાં કર્યો છે તે બદલ તેમને અનેક અભિનન્દનો. મઠરી-મોહનથાળના મહાપ્રસાદની અપેક્ષાએ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોનો પ્રસાદ વૈષ્ણવોના ઘરે-ઘરે પહોંચતો કરાવવો એ આજના સમયમાં ખૂબ જ ઉત્તમ, ઉપયોગી અને આવકાર્ય છે. આ પ્રકારે સિદ્ધાન્ત પ્રસાદ વિતરણ કરવાનો બોધપાઠ બીજા વૈષ્ણવોએ પણ લેવા જેવો છે. આ પ્રકારથી અનેકોના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે. આ સેવા બદલ શ્રીરેખાબેન નવનીતભાઈ શાહને અનેક ધન્યવાદો સહ તેમની રતિ-પ્રીતિ-ભક્તિ શ્રીમહાપ્રભુમાં સદાય બની રહે એ જ શ્રીમહાપ્રભુના શ્રીચરણોમાં શુભાભ્યર્થના.

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
આસો વદ-૧૩, સોમવાર
તા. ૧૨-૧૧-૨૦૧૨
વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

શ્રીવલ્લભ-વચનામૃત-સંગ્રહ

(૧) **भगवति जीवैर्नमनमेव कर्तव्यं,**
नाधिकं शक्यमिति सिद्धान्तः ।

(શાસ્ત્રાર્થ પ્રકરણ - ૧)

પ્રભુની સમીપ જીવે નમન જ કરવું જોઈએ, કારણ કે તેથી અધિક કંઈ જ શક્ય નથી .

(૨) **भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम्**

(શ્રીસુબોધિની ૧૦-૨૯ કારિકા)

શ્રીહરિની પ્રસન્નતા-સન્તોષ માટેનું વૈષ્ણવો પાસે એક માત્ર સાધન દૈન્ય (દીનતા) છે.

(૩) **अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्व भावनात् ।**

(વિવેકધૈર્યાશ્રય)

હું મારા સ્વામી પ્રભુને અધીન છું તેવું મનમાં ભાવન રાખી અભિમાનનો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરવો.

(૪) **स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।**
इन्द्रियाश्वविनिग्राहः सर्वथा न त्यजेत् त्रयम् ॥

(સર્વનિર્ણય પ્રકરણ-૨૩૯)

પોતાની શક્તિના અનુસાર સ્વધર્મનું પાલન કરવું, વિધર્મથી

(નિષિદ્ધ ધર્મથી) પોતે નિવૃત્ત રહેવું તથા ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો નિગ્રહ કરી કાબૂમાં રાખવા. આ ત્રણેનો વૈષ્ણવોએ ક્યારેય ત્યાગ કરવો નહીં.

(૫) **वर्णाश्रमवतां धर्मः श्रुत्यादिषु यथोदितः ।**
तथैव विधिवत् कार्यः स्ववृत्त्यन्नेन जीवता ॥
(સર્વનિર્ણય પ્રકરણ-૧૮૫)

(બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે) વર્ણ તથા (બ્રહ્મચર્ય-ગૃહસ્થ વગેરે) આશ્રમનો ધર્મ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ વગેરેમાં યથાસ્થાન બતાવાયેલો છે તે મુજબ દરેક વૈષ્ણવોએ પોતાનો વર્ણ અને પોતાના આશ્રમની વૃત્તિના અનુસાર સ્વયંનો નિર્વાહ કરતાં શાસ્ત્રમાં બતાવાયેલ ધર્મોનું વિધિવત્ પાલન કરવું.

(૬) **धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।**
पतन्ति नरके घोरे पाषण्डमतवर्तनात् ॥
(સર્વનિર્ણય પ્રકરણ-૨૧૧)

કોઈ પણ પ્રકારની આપદા વિના પણ શાસ્ત્રમાં નિષિદ્ધ એવા મ્લેચ્છ વેશ-ભાષા-ભૂષા વગેરેને સ્વીકારી પાખંડ મતમાં વર્તનાર અને ધર્મનો માર્ગ ત્યજી છલપૂર્વક અધર્મમાં પ્રવર્તનારાઓ અંતે ઘોર નરકમાં પડે છે. (વૈષ્ણવોએ કમ સે કમ ભગવત્ સેવાના સમયે મ્લેચ્છ-વિદેશી વેશ ભાષા સર્વથા વાપરવા નહીં.)

(૭) **अथापि धर्ममार्गेण स्थित्वा कृष्णं भजेत्सदा ।**
श्रीभागवतमार्गेण स कथञ्चित्तरिष्यति ॥
(સર્વનિર્ણય પ્રકરણ-૨૧૫)

પાખંડ મતનો અસ્વીકાર કરી શ્રીભાગવતમાં (એકાદશ સ્કન્ધમાં પ્રભુ શ્રીકૃષ્ણ દ્વારા) બતાવાયેલ ધર્મમાર્ગમાં રહીને શ્રીકૃષ્ણને ભજવાથી કલિકાલરૂપી સમુદ્રને તરી શકાય છે.

(૮) **कृष्णसेवा सदा कार्या ।**
(સિદ્ધાન્ત મુક્તાવલી)

વૈષ્ણવોએ બ્રહ્મસંબન્ધ લીધા પછી ક્ષણ માત્ર પણ સમયને સંસારી ભાવમાં ગુમાવ્યા વિના સદૈવ શ્રીકૃષ્ણની સેવામાં પોતાની સર્વ ઈન્દ્રિયો સહિત સ્વયંને લગાવી રાખવા જોઈએ.

(૯) **न लौकिकः प्रभुः कृष्णः ॥**
(શિક્ષાશ્લોકી)

પ્રભુ શ્રીકૃષ્ણ ફલરૂપ, બધું જ કરવા સમર્થ અને અલૌકિક છે, તેમાં ગન્ધમાત્ર પણ પ્રાકૃતપણું અથવા લૌકિકપણું નથી.

(૧૦) **यस्यांशाः पुरुषादयः स भगवान् कृष्णः ॥**
(સુબો.૧-૩-૨૮)

પુરુષ વગેરે જેના અંશ છે એવા અંશી તથા જેના અંશ-કલાથી અન્ય અવતારો છે એવા અવતારી મૂલરૂપ તે શ્રીકૃષ્ણ છે. (મથુરામાં જન્મેલા કૃષ્ણ તે અવતારી કૃષ્ણનો કૃષ્ણાવતાર છે.)

(૧૧) **मनुते नैव लौकिकम् ।** (શિક્ષાશ્લોકી)

શ્રીકૃષ્ણ અલૌકિક હોઈ લૌકિકભાવે અથવા બહિર્મુખતાથી

કરેલી સેવાથી પ્રસન્ન થતા નથી.

(૧૨) **चेतस्तत् प्रवणं सेवा ॥** (સિદ્ધાન્ત મુક્તાવલી)

પ્રભુ શ્રીકૃષ્ણમાં ચિત્તની અવિરત ગતિ થવી તે સેવા (ફલરૂપા) છે.

(૧૩) **मानसी सा परा मता ॥** (સિદ્ધાન્ત મુક્તાવલી)

સાધ્ય-સાધન ભેદથી સેવા બે પ્રકારની છે, એમાં ભક્તિ શબ્દનો પૂર્ણ અર્થ સિદ્ધ કરવાવાળી અથવા ભક્તિમાર્ગમાં ફલરૂપા તે ચિત્તની પ્રભુમાં તન્મયતારૂપવાળી માનસી સેવા છે જેને પરાભક્તિ પણ કહેવાય છે.

(૧૪) **एकमनसः पुरुषस्य सर्वेन्द्रियाणां सत्त्वमूर्तौ भगवति या स्वाभाविकी वृत्तिः सा भक्तिः ॥**

(શ્રીસુબોધિની ૩-૨૫-૩)

એક મનસ પુરુષ (પુરુષ-દેહધારી જીવ)ની સર્વ ઈન્દ્રિયોની ગુણાતીત પ્રભુમાં સ્વાભાવિકી વૃત્તિ થવી ભક્તિ છે.

(૧૫) **भक्तिस्तु फलावश्यम्भाविनी कालादीनामगम्यमतिसूक्ष्ममेव भगवदात्मकं फलं प्रयच्छति ॥**

(શ્રીસુબોધિની ૩-૨૫-૩૬)

નક્કી જ ભક્તિ ફલરૂપા હોવાથી તે કયારેય, કોઈ પણ રીતે, ગમે તેવી સ્થિતિમાં પણ ફલરહિત નથી હોતી, કાલ વગેરેથી અગમ્ય અને તેનાથી પણ અતિ સૂક્ષ્મ-અક્ષર ભાવાતીત, ભગવદાત્મક, આનન્દાત્મક ફલને તે પ્રદાન કરે છે.

(૧૬) **फलरूपा तदैव भवति यदा भजनाद्रसोऽभिव्यक्तो भवति बहुधा ॥**

(શ્રીસુબોધિની ૩-૨૫-૩૪)

ફલરૂપતા ત્યારે જ થાય છે અથવા કહી શકાય છે કે જ્યારે ભજનથી મન સહિત સર્વ ઈન્દ્રિયોથી રસની અભિવ્યક્તિ થતી હોય અથવા સર્વ અંગોથી-ઈન્દ્રિયોથી રસાભિવ્યક્તિ પ્રકારનું ભજન થતું હોય.

(૧૭) **सेवायां फलत्रयं, अलौकिकसामर्थ्यं, सायुज्यं, सेवोपयोगिदेहो वैकुण्ठादिषु ॥**

(સેવાફલવિવરણ)

સાધ્યરૂપા માનસી સેવા સિદ્ધ થતાં સિદ્ધ દશામાં સેવકને અધિકાર પ્રમાણે ત્રણમાંથી એક ફળ પ્રાપ્ત થાય છે (૧) અલૌકિક સામર્થ્ય, ઉત્તમ અધિકારવાળાને, (૨) સાયુજ્ય, મધ્યમ અધિકારવાળાને અને (૩) પુરુષ, સ્ત્રી, પશુ, પક્ષી, વૃક્ષ, ગુલ્મલતા વગેરે પ્રકારે હાડકાં, માંસ, રક્ત વગેરે લૌકિક દેહ-ઈન્દ્રિય, પ્રાણ આદિથી રહિત, અપ્રાકૃત, સેવાને અર્થે ઉપયોગમાં આવી શકે તેવા અક્ષરાત્મક દેહની પ્રાપ્તિ જઘન્ય (હીન) અધિકારવાળાને થાય છે.

(૧૮) **तत्सिद्ध्यै तनु-वित्तजा ।** (સિદ્ધાન્ત મુક્તાવલી)

સાધ્યરૂપા માનસી સેવાની સિદ્ધિના અર્થે સાધનરૂપા સેવા તનુ-વિત્તજા છે. પોતાની પાસે ભગવદિચ્છાથી જે કંઇ પણ દ્રવ્ય વગેરે હોય તે

બધા સહિત પોતાનો સ્વયંનો ભગવત્ પરિચર્યામાં અભિનિવેશ કરાવવો તે તનુ-વિત્તજા સેવા છે.

(૧૯) **सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य हि ।**
तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि ॥
कृपायुक्तस्य तु यथा सद्धिचेत् कारणमुच्यते ॥

(સર્વ નિર્ણય પ્રકરણ-૨૨૬)

જે જીવોને પ્રભુએ કૃપાપૂર્વક સ્વસેવાનો અધિકાર પ્રદાન કરેલો છે તે જ જીવો સેવાને સાધન બનાવી સાધ્યરૂપા માનસીમાં પ્રવેશ કરી શકે છે, અતઃ તે કૃપાયુક્ત જીવોને સાધન દશામાં પ્રવેશને માટે સેવા બતાવવામાં આવે છે.

પણ સ્વસેવાના વિષયમાં જેના ઉપર શ્રીહરિની સર્વથા કૃપા થઈ નથી તે લોકો ઘણી બધી રીતે શ્રેષ્ઠ હોવા છતાં પણ આ સેવામાર્ગ તેમને માટે અશક્ય બની જાય છે.

(૨૦) **सेवायां प्रतिबन्धकत्रयम्, उद्वेगः प्रतिबन्धो भोगो वा । त्रयाणां साधनपरित्यागः कर्तव्यः ॥**

(સેવાફલવિવરણ)

સેવામાં પ્રતિબન્ધ કરનારા ત્રણ વિષયો છે (૧) ઉદ્વેગ (૨) પ્રતિબન્ધ (૩) ભોગ. (**ઉદ્વેગ** - ભગવત્સેવાના સમયે ચિત્તમાં ક્લેશ આપનાર ચંચલતા અથવા સેવા કરતી વખતે દુષ્ટોથી મનમાં ભય થવો કે પછી પાપ વગેરે વિચારોથી બુદ્ધિમાં ભય થવો. **પ્રતિબન્ધ**-સેવાકરણથી વિરુદ્ધના બન્ધનો. જન્મ-મરણાદિ વ્યવહાર એ લૌકિક, સેવાના સમયે સંધ્યાવંદન-શ્રાદ્ધ વગેરે વેદોક્ત કર્મની પ્રાપ્તિ એ વૈદિક તથા દીર્ઘશંકા, લઘુશંકાની ઈચ્છા, રોગ થવો, અસ્વાસ્થ્ય એ બધા કાયિક એમ ત્રણ પ્રકારે સેવાથી ઈતર કાર્ય વ્યાસંગ એ પ્રતિબન્ધ છે. **ભોગ** - ભગવત્ સંબન્ધથી રહિત એવા સમસ્ત લૌકિક પદાર્થોથી દેહ-ઈન્દ્રિયનું સુખ સાધવાની આસક્તિ રૂપ ભોગ છે જે ભગવદાસક્તિ વિરોધી છે.) આ ત્રણે પ્રતિબંધકોના સાધનો એટલે કે જે કારણે આ પ્રતિબંધો સેવામાં આવતા હોય તે કારણોનો બુદ્ધિપૂર્વક ત્યાગ કરવો.

(૨૧) **भोगो द्विविधः लौकिकोऽलौकिकश्च तत्र लौकिकस्त्याज्य एव ॥**

(સેવાફલવિવરણ)

ભોગ બે પ્રકારના છે, લૌકિક તથા અલૌકિક. આમાંથી લૌકિકભોગ (ઉપર જણાવ્યા મુજબનો) તેનો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરવો. (અનિવેદિત એટલે કે પ્રભુના સંબન્ધમાં ન આવ્યા હોય તેવા અસમર્પિત તમામ પદાર્થોમાં ભોગાસક્તિ વૈષ્ણવોએ રાખવી નહીં. જેમ શ્રીગોપીજનોએ સેવામાં અનુપયોગી એવા પોતાના દેહને પણ આસક્તિનો વિષય માન્યો નથી તેવી જ રીતે પતિ, પુત્ર, ધન, દેહ કે ઈતર સર્વ કે જે ભગવત્સેવામાં અનુપયોગી હોય તેમાં આસક્તિ રાખવી નહીં.)

(૨૨) **प्रतिबन्धोऽपि द्विविधः साधारणो भगवत्कृतश्चः तत्र आद्यो बुद्ध्या त्याज्यः, भगवत्कृतश्चेत् प्रतिबन्धः तदा**

भगवान् फलं न दास्यतीति मन्तव्यम्, तदा अन्य सेवाऽपि व्यर्था, तदा आसुरोऽयं जीव इति निर्धारः, तदा ज्ञानमार्गेण स्थातव्यं शोकाभावायेति विवेकः ॥

(સેવાફલવિવરણ)

પ્રતિબન્ધ પણ બે પ્રકારના છે, એક સાધારણ અને બીજો ભગવત્ કૃત. એમાં સાધારણ પ્રતિબંધ (ઉપર જણાવ્યા મુજબનો) તેને શ્રીહરિના ચરણમાં થનારી રતિ-પ્રીતિમાં આવનાર પ્રતિબન્ધોનું વિભંજન કરનારી બુદ્ધિની ચતુરતાથી તેનો ત્યાગ કરવો. (જે પણ લૌકિક-વૈદિક કે પછી વ્યાવહારિક કે શારીરિક પ્રાપ્ત થાય તેને યથાશક્ય પ્રયત્ને સેવામાં વાંધો ન આવે તે રીતે સેવાના અનવસર કાલમાં કરવા તથા જે સેવા સમયમાં અનિવાર્ય રીતે આવી પડે ત્યારે, તેવા કાર્યો કરવા જ પડે ત્યારે તેમાં આસક્તિથી બુદ્ધિ નહીં રાખવી પણ વિના આસક્તિએ તે કાર્ય કરવા.)

બીજા પ્રકારનો એ ભગવત્કૃત પ્રતિબન્ધ છે. સેવામાં પોતાના મન મુતાબિક બધું જ હોવા છતાં પણ અને વારંવાર પ્રયત્નો કરીને પણ જો સેવા ન બની શકતી હોય. સેવામાં ચિત્તનું અત્યન્ત ઉચ્ચાટન રહેતું હોય તેમજ એક વિઘ્ન દૂર થતાં બીજું આવીને ઊભુ રહેતું હોય અને તે રીતે સેવામાં પ્રતિબન્ધોની પરંપરા સર્જાતી હોય ત્યારે તેવી સ્થિતિને ભગવત્કૃત પ્રતિબન્ધ અર્થાત્ ભગવાન દ્વારા કરાયેલો પ્રતિબન્ધ જાણવો. આવી સ્થિતિમાં પ્રભુ પોતાનો આધિદૈવિકી સેવામાં પ્રવેશ નથી ઈચ્છતા તેમ સમજી પોતાનામાં દુર્નિવાર્ય આસુરાવેશ વિચારી ભગવત્ પ્રપત્તિપૂર્વક રહેવું અને જ્ઞાનમાર્ગી પ્રકારે શોકને દૂર કરવો.

(ઘરમાં પણ પતિ-પુત્રાદિ સ્વજનોને સેવા માટે ઉત્સાહિત કરવા, પણ બહુ પ્રયત્ન કરવો નહીં કારણ કે તેવા બહુ પ્રયત્નો કરવામાં તેમનો આપણને દુઃસંગ થવો સંભવ છે. ઉત્સાહિત કરવા છતાં પણ જો તે બધાની સેવામાં રુચિ ન થતી હોય તો તેઓ સેવામાં બાધક યા પ્રતિબંધ કરનારા ન બને તે રીતે તેમજ તેમનાથી આપણા મનમાં ક્લેશ વગેરે ન થાય તે રીતે ઉદાસીન ભાવે રહેવું. પણ અકારણ દબાણ યા પ્રયત્નોથી તો તે વ્યક્તિનું પણ અહિત થવું સંભવ છે અને આપણી પણ સેવા છુટવી સંભવ છે. સારાંશમાં તેમને પ્રભુ ઈચ્છા પર છોડવા).

(૨૩) **सद्धर्मा ब्रह्मधर्माः शमादयः, तान् ये बिभ्रति, न तु केवलं कदाचित् कुर्वन्ति, येषु शमादयो नियता इत्यर्थः । तेषां श्रेष्ठः । त एव गुरवो भवितुमर्हन्ति ..... ॥**

(શ્રીસુબોધિની ૩-૨૫-૧૧)

સદ્ધર્મ એટલે કે શમ-દમ વગેરે બ્રહ્મધર્મો ક્યારેક પ્રસંગોપાત કરનારા (પાળનારા) એવા નહીં અપિતુ તે ધર્મોને સદૈવ ધારણ કરનારા, જેમાં આ ધર્મો સદાને માટે નિયત છે તેવા લોકો ગુરુ થવાને માટે યોગ્ય હોય છે.

(૨૪) **कृष्णसेवा परं वीक्ष्य दम्भादिरहितं नरम् ।**
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

(સર્વનિર્ણય પ્રકરણ-૩૨૯)

ભગવત્સેવામાં પોતાનો અભિનિવેશ કરાવવાની ઈચ્છાથી ગુરુ દ્વારા કરાવાયેલ સમર્પણરૂપ સંસ્કાર (બ્રહ્મસંબન્ધ) પછીથી તે ગુરુ દ્વારા

ઉપદેશવામાં આવેલ સેવા સમ્બન્ધી નીતિ-રીતિ પ્રમાણે પ્રભુ સેવાનો શુભારંભ કરવા ભક્તિમાર્ગીય ગુરુ કે જે કામ, લોભ, દંભ વગેરે અપવિત્રતાઓથી રહિત સકલ પવિત્ર શુભ ગુણોથી વિભૂષિત હોય, તેમજ વેદ-ગીતા વગેરે શાસ્ત્રોના સારરૂપ તથા ભાષ્યરૂપ એવા શ્રીમદ્ભાગવતના તત્ત્વને યથાર્થરૂપે સારી રીતે જાણવાવાળા હોય, તેમજ વેદ, ગીતા, ભાગવત વગેરેમાં જેનું પરમાત્મા-પરબ્રહ્મ-પુરુષોત્તમ તરીકે પ્રતિપાદન થયેલું છે તે પરમતત્ત્વ-પરમાનન્દ-પરબ્રહ્મ-ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં સતત પ્રેમપૂર્વક પરાયણ થયેલા ચિત્તવાળા હોય એવા ભક્તિમાર્ગીય ગુરુનું અત્યન્ત આદર, શ્રદ્ધા તથા સદ્ભાવની પરિપૂર્ણતાપૂર્વક, એમની આજ્ઞાના પરિપાલનરૂપે અને તેમના ચિત્તમાં સંતોષ થાય તે પ્રકારે ગુરુનું ભજન (સેવન) કરવું.

(આ બધા લક્ષણો માત્ર શ્રીઆચાર્યચરણમાં જ ઘટતા હોવાથી શ્રીમહાપ્રભુજી જ આ સમ્પ્રદાયમાં સર્વના ગુરુસ્થાને છે અને અન્ય સર્વ શ્રીવલ્લભવંશજ મહાનુભાવો ગુરુદ્વાર છે).

(૨૫) **तदभावे स्वयं वाऽपि मूर्तिं कृत्वा हरेः क्वचित् ।**
परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥
(સર્વનિર્ણય પ્રકરણ-૨૨૮)

‘भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत्’ સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીઆચાર્યચરણના કહેવાયેલ આ નામના અનુસાર નામમાં આવેલ ભક્તિ શબ્દનો પ્રયોગ સેવા અર્થનો દ્યોતક હોવાથી ગુરુદ્વારભૂત શ્રીઆચાર્યવંશજ મહાનુભાવોથી નિવેદનમંત્ર (બ્રહ્મસંબંધ) ગ્રહણ કર્યા પછીથી શ્રીપુરુષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર પ્રમાણે અથવા સ્વમાર્ગીય સ્વરૂપ સ્થાપન પ્રકારે આચાર્ય હૃદયભાવાત્મક ભગવત્સ્વરૂપ તેમના (ગુરુદ્વારભૂત આચાર્ય વંશજ) જ દ્વારા પ્રાપ્ત કરી, તે સ્વરૂપમાં જ સાક્ષાત્ રસો વૈ સઃ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની ભાવના કરી સેવાનો નિર્વાહ કરવો જોઈએ.

તેમ છતાં પણ જો એવા દેશ-વિદેશમાં નિવાસ કરતા હો કે જ્યાં ઘણા લાંબા સમય સુધી ગુરુદ્વારના પણ દર્શનનો અભાવ રહેતો હોય ત્યારે લાંબા કાળ સુધી ભગવત્સેવાથી વિમુખ ન રહેવું જોઈએ તેથી કોઈ ભગવદીય તાદશી વૈષ્ણવ દ્વારા પૂર્વોક્ત વિધિપૂર્વક ભગવત્ સ્વરૂપ પધરાવી સેવા કરવી અને જો તેવા વૈષ્ણવોનો પણ તે - તે સ્થાનોમાં અભાવ દેખાતો હોય તો તેવે વખતે પોતાના મનમાં શ્રીઆચાર્યચરણના પૂર્વોક્ત ગુરુ સ્વરૂપનું ભાવન કરી, પોતે સ્વયમે જ ભગવત્સ્વરૂપ વિધિવત્ પધરાવી, પોતાનામાં શ્રીઆચાર્યચરણના શરણનું ભાવન કરી, શ્રીમહાપ્રભુજીની કૃપાથી જે પોતાના મનમાં ભગવત્સેવાનો ભાવ પ્રગટ થયો છે તેના વડે ભગવત્સ્વરૂપનું મૂર્તિમાં ભાવન કરી, આ જ સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે તેમ વિચારી સેવાનો આરંભ કરવો. (ત્યારબાદ ભવિષ્યમાં જ્યારે પણ શ્રીવલ્લભવંશજ મહાનુભાવોનો ભેટો થાય ત્યારે તેમના દ્વારા પુનઃ ભગવત્સ્વરૂપને સેવ્ય કરાવવા વધુ હિતકારી અને સ્વસ્થ પ્રક્રિયા કહેવાશે).

(અહીંની વિશેષ નોંધ પુસ્તિકાના અન્તમાં પરિશિષ્ટમાં વાંચો)

(૨૬) **सेवाकृतिर्गुरोराज्ञा ॥** (વિવેકધૈર્યાશ્રય)

ગુરુ (શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, સાત

લાલજીઓ, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી પ્રભૃતિ મહાનુભાવો) દ્વારા ઉપદેશાયેલ પ્રકારથી પ્રભુની સેવા કરવી. કારણ કે પ્રભુને ગમે તે સેવા અને પ્રભુને શું ગમે તેનું જ્ઞાન આપણને નથી, તે ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીને છે.

(૨૭) **भक्तिशब्दस्य प्रत्ययार्थः प्रेम, धात्वर्थः सेवा ॥**

(સર્વનિર્ણય પ્રકરણ, પ્રકાશ-૯૨)

ભક્તિ શબ્દમાં ભજ્ ધાતુ છે અને ક્તિન્ પ્રત્યય છે. આમાંથી ધાતુનો અર્થ સેવા છે અને પ્રત્યયનો અર્થ પ્રેમ છે. તેથી ભક્તિ શબ્દનો પૂર્ણ અર્થ પ્રેમસેવા એટલે કે પ્રેમપૂર્વકની સેવા એવો થયો.

(૨૮) **यथा सुन्दरतां याति वस्त्रैराभरणैरपि ।**
अलंकुर्वीत सप्रेम तथा स्थानपुरःसरम् ॥

(સર્વનિર્ણયપ્રકરણ-૨૩૦)

દેશ, કાલ અને પોતાના જીવનની સ્થિતિના અનુસાર જે પ્રાપ્ત હોય તે પ્રમાણથી વસ્ત્ર આભરણ, પુષ્પ, ચંદન, ભોગ, રાગ, પાત્ર વગેરે સાધનો દ્વારા જે પ્રકારે સેવામાં સુંદરતા આવે તે રીતે, ઘરમાં પ્રભુને બિરાજવાની યોગ્ય જગ્યા ફાળવી, તે સ્થાનમાં આધિ-વ્યાધિ-ઉપાધિને ભૂલી પ્રેમપૂર્વક સેવા કરવી તેમજ કુટુંબીજનો દ્વારા પણ (પતિ, પત્ની, પુત્ર, ભાઈ, બહેન, મા,બાપ વગેરે) સેવા કરાવવી, તે બધાને પણ (જો તે લોકો સેવામાં અનુકૂળ હોય તેમજ સેવામાં રુચિવાળા હોય તો) સેવામાં સાથે લઈ સાથે મળીને સેવા કરવી. પણ જો કુટુંબીજનો ભગવદ્ વિમુખ હોય અને છતાં પણ આપણને સેવામાં બાધા ન કરતા હોય તો તેવા કુટુંબીજનોમાં ઉદાસીન બની માત્ર પોતે સેવા કરવી. પણ જો કુટુંબીજનો સેવામાં પ્રતિબન્ધ કરતા હોય અને આપણી અત્યન્ત રુચિ સેવામાં બની હોય ત્યારે તેવી વિષમ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી-શ્રીપ્રભુચરણ વગેરેના ગ્રન્થો દ્વારા તેમજ પોતાના ગુરુ સ્થાનીયો દ્વારા યોગ્ય માર્ગદર્શન મેળવવું તેમજ પોતાના અન્તઃકરણનું શાન્તચિત્તે સ્થિતિજ્ઞાન જાણી-વિચારી આગળનો વિચાર કરવો.

(૨૯) **यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः ।**
येन स्यान्निवृतिश्चित्ते तत् कृष्णे साधयेद् ध्रुवम् ॥
भगवत्सेवायामपि क्लिष्टं न समर्पयेत् ।
तत् क्लिष्टं त्रिविधं-लोकक्लिष्टं, आत्मक्लिष्टं,
चित्तक्लिष्टं चेति । अतोऽक्लिष्टं निरूप्यते ॥

(સર્વનિર્ણય પ્રકરણ પ્રકાશ - ૨૩૬)

લોક ક્લિષ્ટ ગણાતા તેમજ આત્મા અને ચિત્તને ક્લિષ્ટ લાગતા પદાર્થો પ્રભુને સેવામાં સમર્પવા નહીં (તેમજ તેવા પદાર્થો કે વિષયોને સેવામાં કે સેવા સમયે ઉપયોગમાં લાવવા નહીં), પણ આ ત્રણેમાં ઈષ્ટ લાગતા પદાર્થો પ્રભુને સમર્પવા (તેમજ તેવા પદાર્થો કે વિષયોને સેવામાં કે સેવા સમયે ઉપયોગમાં લેવા.) લોકમાં (દુનિયામાં) ઈષ્ટતમ ગણાતા અને જે આત્માને અતિપ્રિય લાગતા હોય તથા જેનાથી ચિત્તમાં આનન્દ થતો હોય તે - તે બધું જ પ્રભુને નિશ્ચિત સમર્પવું. ફળ, ફૂલ, પાન, વસ્ત્ર, આભરણ, ચન્દન, દૂધ, દહીં, ઘી, તથા તેના બનેલા પદાર્થો વગેરે બધું જ ઉત્તમમાં ઉત્તમ હોય તે સમર્પવું, પણ સસ્તું, સડેલું, ખરાબ તેમજ રંગ-રૂપ-ભાવ વગેરેમાં હીન તથા સ્વાદરહિત-ફાટેલું-ડાઘવાળું-વગેરે

પ્રકારના પદાર્થો પ્રભુને સમર્પવા નહીં. શક્તિ-સામર્થ્ય ન હોય તો થોડું કરવું પણ ગમે તેવું સમર્પવું નહીં. લાંબા કાળથી જેને મેળવવા આપણું મન લલચાતું હોય તેવા સર્વ પદાર્થો પ્રભુને સેવામાં સમર્પવા. આવા પદાર્થોના સમર્પણમાં પણ બે વાતનો ખ્યાલ રાખવો. એક તો શાસ્ત્રમાં જેનો નિષેધ હોય (જેમ કે મદિરા, કાંદા, લસણ, મૂળા, ગાજર, મોગરી, કુબી, ફુલાવર, ટમાટર, મસૂરની દાળ, તાડફળ, ચામડાની વસ્તુઓ અભક્ષ્ય પદાર્થો કે તેનાથી બનેલ વસ્તુઓ વગેરે) તેવા પદાર્થો પ્રભુને નહીં સમર્પવા, તથા બીજી વાત એ કે સન્માર્ગથી, નીતિ, ન્યાય, સદાચારથી મેળવેલા ધનથી સેવા-સમર્પણ સંબન્ધી બધો વ્યવહાર કરવો. (જેમ કે લોકોને વ્યાજે નાણા ધીરાણ કરી વ્યાજમાંથી મેળવેલા પૈસા, વેશ્યાવૃત્તિથી મેળવેલ દ્રવ્ય, લૂંટ-ચોરીથી મેળવેલ દ્રવ્ય, વ્યાપારમાં ગ્રાહકોને છેતરી બેઈમાનીથી મેળવેલ દ્રવ્ય, બીજાના ભાગનું લુચ્ચાઈથી પચાવી પાડેલ દ્રવ્ય, માંસ, મદિરા વગેરેના વ્યવસાયથી મેળવેલું અન્ન-વસ્ત્ર-ધન વગેરે દ્રવ્ય, આ પ્રકારે બીજા જે પણ હીન કે નિષિદ્ધ પ્રકારે પ્રાપ્ત દ્રવ્યથી પ્રભુ સેવા નહીં કરવી પણ પોતાના ભાગ્યથી અનિષિદ્ધ પ્રકારે, જાત મહેનતથી સદાચાર-સચ્ચાઈ-ન્યાય નીતિથી મેળવેલું જે દ્રવ્ય હોય અને તે પણ ધર્મથી પોતાના ભાગે આવતું દ્રવ્ય હોય તેને પ્રભુને સમર્પવું તેમજ ચિત્તમાં અતિક્લેશ થાય તે રીતે સેવા પણ ન કરવી અને તેવું પ્રભુને સમર્પવું પણ નહીં (પોતાની આર્થિક સ્થિતિ અને શરીરની શક્તિનો વિચાર રાખીને જ સેવા-સમર્પણ અંગેનો નિર્ણય કરવો)

(૩૦) **सेवा मुख्या, न तु पूजेति मन्त्रमात्रपूजापरो न भवेदित्याशयेनाह -**

स्वयं परिचरेद्भक्त्या वस्त्रप्रक्षालनादिभिः ॥

एककालं द्विकालं वां त्रिकालं वाऽपि पूजयेत् ॥

(સર્વનિર્ણય પ્રકરણ-૨૩૭)

મંત્ર યા તંત્રનું જેમાં પ્રાધાન્ય છે તેવી પૂજાનું ભક્તિમાર્ગમાં મુખ્યત્વ નથી પણ સ્નેહપૂર્વકની સેવા જ મુખ્ય છે. સેવામાં પણ માત્ર સાક્ષાત્ સ્વરૂપ સેવા જ (પ્રભુને શૃંગાર કરવા, સ્નાન કરાવવું, જગાડવા, પોઢાવવા વગેરે) નહીં અપિતુ સાક્ષાત્ સ્વરૂપ સેવાના અંગભૂત કાર્યો જેમ કે સામગ્રી માટેના વાસણો માંજવા, જલ ભરવું, સોહિની (બુહારી) કરવી, વસ્ત્રો ધોવા વગેરે પણ પોતે જ ખૂબ જ સ્નેહપૂર્વક કરવું (જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી આ બધા કાર્યો પણ પરિચારકો-નોકરો પાસે ન કરાવી પોતે જ કરવા અને તે રીતે પોતાના હસ્ત-ચરણરૂપી ઈન્દ્રિયોનો સેવામાં વિનિયોગ કરવો) આ મુજબની સેવા એક કાલની, બે કાલની અથવા ત્રણ કાલની પણ થઈ શકે છે. એકકાલ-પ્રાતઃકાલ, બેકાલ - પ્રાતઃકાલ તથા મધ્યાહ્ન એટલે કે સવારથી આરંભી બપોરના અન્ત સુધીની અને ત્રણકાલ - સવાર બપોર તથા સાંઝ. ત્રણ કાલની સેવા થતા તે અષ્ટપ્રહરની થઈ જાય છે. (સંસાર અથવા સાંસારિક વ્યવહાર એમાંથી ચિત્ત હટીને જેમ-જેમ ચિત્તનો નિરોધ સેવામાં થતો જાય તે અનુસાર સેવાનો સમય નિશ્ચય કરવો જોઈએ અને સમયના અનુસાર સેવાનો ક્રમ અથવા વિસ્તાર નક્કી કરવો જોઈએ એમ મને લાગે છે)

(૩૧) **विहितनिषिद्धानां लौकिकालौकिकानां च कृतानि तुभ्यं समर्पयामीति न, किन्तु तुभ्यमेव कृतानीति, स्वभावात् भिन्नतया कृतमपीत्येवं समर्पयेत् ॥**

(શ્રીસુબોધિની ૧૧-૨-૩૬)

વિહિત, નિષિદ્ધ, લૌકિક, અલૌકિક વગેરે જે કંઈ પણ મારા શરીરથી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી, બુદ્ધિ વડે, અન્તઃકરણથી કે પછી પૂર્વ સ્વભાવની અનુવૃત્તિથી જે કંઈ પણ થયેલું છે કે થઈ ગયું છે તે હે પ્રભુ ! આપને સમર્પણ કરું છું, આ રીતનું સમર્પણ પુષ્ટિભક્તિમાં નથી પરન્તુ જાગવું, શયન કરવું, સ્નાન કરવું, ખાવું, પીવું, નિત્ય-નૈમિત્તિક કર્મ કરવા, રસોઈ બનાવવી વગેરે સર્વ પોતાના સુખ માટે નહીં પણ ભગવદર્થે -ભગવત્સેવાર્થ જ થયેલા હોય અને તે પ્રભુને સમર્પણ કરવા, આ મુજબનું સમર્પણ જ પુષ્ટિભક્તિમાં મુખ્ય છે. મારા માટે રસોઈ બનાવી છે અને પ્રભુ તમે જમો એમ નહીં પણ પ્રભુને માટે જ ઘરમાં ચૂલો પ્રગટતો હોય અને પ્રભુને માટે જ રસોઈ બનતી હોય અને તે પ્રભુને સમર્પવામાં આવે. નિત્ય-નૈમિત્તિક કર્મ પણ શાસ્ત્રની આજ્ઞાનું પાલન એ ભગવદાજ્ઞા છે અને તેના પાલનમાં જ ભગવાનનો તોષ છે એમ સમજી કરવું. વિવાહ વગેરે પ્રસંગોમાં પણ ગણેશ સ્થાપન-કુળદેવતા પૂજન, મધુપર્ક વગેરે નહીં કરીશું તો અનિષ્ટ થશે તેવા ભયથી નહીં પણ વૈદિક વિધિના આનુષંગિક રીતે જ કરવું. એ પ્રમાણે વૈષ્ણવોએ સેવામાં દરેક કાર્યો ભગવદર્થે જ કરવા, પોતાને અર્થે કરવા નહીં.

(૩૨) **नन्वत्र किं युक्तं किं भगवान् भक्षयति न वेति ? भक्षयतीत्येव बहुवाक्यसंवादात् प्रत्यक्षतो दर्शनाद् भुङ्क्त इत्यादिवाक्यानां यथाश्रुतार्थत्वसिद्धे 'रनश्नन्यन्य' इतिवाक्यं जीवभोगजननार्थं समागतोऽन्तर्यामी जीवभोग्यं जीवभोग्यप्रकारेण न भुङ्क्त इत्येतावन्मात्रपरं तस्मात् प्रत्यक्षसंवादाद् भक्षणमेव सत्यमिति ......**

(શ્રીસુબોધિની ૧૦-૮-૩૫)

અહીં શુ બરાબર છે ? ભગવાન ભક્ષણ કરે છે કે નથી કરતા ? કારણ કે કેટલાક લોકો વેદશ્રુતિનો આધાર લઈ એમ કહેતા હોય છે કે ભગવાન તો સર્વદા તૃપ્ત છે, તે વળી શા માટે ખાય-પીએ તો જે શ્રુતિમાં ભગવાનનો ભોક્તા તરીકેનો નિષેધ છે તે જીવભોગ્ય પદાર્થોને જીવભોગ્ય પ્રકારે ભક્ષણમાં નિષેધ છે. પરન્તુ ભકતોએ પ્રેમથી નિવેદન કરેલ પદાર્થો માટેનો નિષેધ નથી. શાસ્ત્રોના બીજા ઘણા વાક્યો પ્રભુ આરોગે છે એમ બતાવે છે.

(૩૩) **मम चायं नियमः प्रेम्णा समानीतं हृदयानीतं भवति हृदयमणुमात्रम्, तण्डुलास्तु मुष्टिचतुष्टयात्मकाः अहं च हृदयरूप एव तद् गृह्णामि । अतः अण्वप्युपाहृतं मत्समानत्वात् भक्ष्यं न्यूनपरिमाणमेव युक्तमिति मे भूर्येव भवेत् । अभक्तेन तूपहृतं बहिर्दृष्ट्या उपहृतं भवति बहिश्च ब्रह्माण्डमिति तद् ग्रहणे अहमपि तथा । अतो यथाकथंचित् सर्वसामर्थ्येनापि समाहृतं मम तृप्तिहेतुर्न भवतीति अल्पत्वान्न मे तोषाय कल्पते ।**

पत्रं-तुलस्यादि, पुष्पं-लवङ्गादि, फलमाम्रादि, तोयं गङ्गाजलादि, एतच्चतुष्ट्यं .... अहमिति पुरुषोत्तमः मदर्थं सम्पाद्य स्वाधिकारानुसारेण यत्र क्वचिन्निवेदयतु तत्रैवाहं भक्षयामीत्यर्थः । भक्त्युपहृतमिति । तत्स्थानादुद्धरणप्रभृतिमत्समीपानयनपर्यन्तं स्नेहस्याविच्छेदोऽपेक्ष्यते । किंच । तच्चेद् द्रव्यं प्रयतात्मनो भवति प्रकर्षेण नियतान्तःकरणस्य कामादिसर्वदोषरहितस्य चेत्पत्रादिकं भवेत्तदा अवश्यमश्नामि ।

(સુબો.૧૦-૮૧-૪) (સુદામાના પ્રસંગમાં)

(ભગવદ્ વિચારથી-) મારો એ નિયમ છે કે પ્રેમથી સારી રીતે લાવેલું તે હૃદયથી લાવેલું હોય છે અને હૃદય અણુ (નાનું) માત્ર છે તેથી તેને હું હૃદયરૂપમાં જ ગ્રહણ કરું છું. અતઃ ભક્તો વડે પ્રેમપૂર્વક થોડું પણ આપેલું તે મારા સ્વરૂપ બરાબર હોવાથી પરિમાણમાં ઘણું ઓછું હોવા છતાં પણ મારા માટે ઘણું થઈ જાય છે અને હું તેથી સન્તુષ્ટ થઈ જાઉં છું, પણ ભક્તિ-પ્રેમ વિના અભક્તો દ્વારા બહિર્દ્રષ્ટિથી આપવામાં આવે છે, ત્યારે બહિઃ બ્રહ્માંડ છે ત્યારે બહિર્દ્રષ્ટિવાળાઓ માટે હું પણ બ્રહ્માંડ સ્વરૂપ હોઉં છું. અતઃ ઘણા બધા સામર્થ્યથી અથવા દુનિયાભરના સામર્થ્યથી પણ જો મને આપવામાં આવે છે તો પણ તે મારા બ્રહ્માંડ સ્વરૂપ આગળ અતિ અલ્પ-ક્ષુદ્ર હોવાથી તે મને તૃપ્ત કરી શકતા નથી.

(**पत्रं पुष्पं फलं तोयम् -**) પત્ર-તુલસી વગેરે, પુષ્પ-લવિંગ વગેરે, ફલ - કેરી વગેરે, તોય એટલે જલ -ગંગાજલ વગેરે આ પ્રકારનું મારા અર્થે સમ્પાદન કરી પોતાના અધિકારાનુસાર જ્યાં ક્યાંય પણ મને નિવેદન કરવામાં આવે ત્યાં જ હું એટલે પુરૂષોત્તમ-પરમાત્મા, પરબ્રહ્મ તેનું ભક્ષણ કરું છું, પણ તે ભક્તિપૂર્વક લવાયેલું હોવું જોઈએ. ભક્તિપૂર્વક લવાયેલું એટલે જ્યાંથી જે સ્થાનથી તે પત્ર-પુષ્પ વગેરે લેવામાં આવે ત્યાંથી ભગવાનની પાસે નિવેદન કરતા સુધીમાં સળંગ, એક સરખો, અવિચ્છિન્ન સ્નેહ એટલે કે તે સમયમાં ભગવાન પ્રત્યેના ઉત્કટ સ્નેહથી અતિરિક્ત અન્ય કંઈ પણ હૃદયમાં ન હોય તેમ હોવું જરૂરી છે અને તે પણ પ્રયતાત્મા એટલે કે પ્રકૃષ્ટપણે સારી રીતે નિયત થયેલું છે અન્તઃકરણ જેનું, કામ-ક્રોધ વગેરે દોષોથી રહિત એવા અન્તઃકરણવાળાનું તે પત્ર-પુષ્પ વગેરે દ્રવ્ય હોય અને તે સ્નેહપૂર્વક લાવીને મને આપે તો તેનું હું

અવશ્યમેવ અશન, ભક્ષાણ, ભોજન કરું છું.

(૩૪) **सो श्रीआचार्यजीने चारों स्वरूप चारों वैष्णवनके माथे पधराये । श्रीनवनीतप्रियजी गज्जन धावनके माथे पधराये, श्रीगोकुलचन्द्रमाजी नारायणदासके माथे पधराये, श्रीलाडलेसजी जीयदास सूरी क्षत्रीके माथे पधराये, श्रीललितत्रिभंगीजी देवाकपूर के माथे पधराये और चारों वैष्णवनसों श्रीआचार्यजीने कही 'ये मेरे सर्वस्व हैं, सो तिहारे माथे पधराये हैं, सो सेवा प्रीतिसों नीकी भांतिसों करियो, और तुमसों न बनि आवें तब हमारे घर पधराइयो'**

(ચોર્યાસી વૈષ્ણવની વાર્તા)

(મહાવનની એક ક્ષત્રાણીની વાર્તા પ્રસંગ-૧૫)

ઉપરના વાર્તાપ્રસંગમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો વિચાર કરતા વૈષ્ણવોના ઘરમાં બિરાજતી ભગવત્સેવામાં બિરાજતું ભગવત્સ્વરૂપ મૂલતઃ શ્રીમહાપ્રભુજીનું જ છે અને તે વૈષ્ણવોને માત્ર સેવા કરવા પુરતું જ પધરાવી આપવામાં આવે છે. અને પ્રભુ પણ શ્રીવલ્લભ-વિઠ્ઠલના સ્નેહથી જ સેવા અંગીકાર કરે છે. તેથી પ્રભુની સેવા પણ વૈષ્ણવોએ પોતાના તરફે નહીં પણ શ્રીમહાપ્રભુજીની આડીથી, પોતાનામાં શ્રીમહાપ્રભુજીનું શરણ ભાવન રાખીને તેઓશ્રીની આડીથી સેવા કરવી જોઈએ. અતઃ વૈષ્ણવોએ પોતાના ઘરમાં શ્રીમહાપ્રભુજીની ભેટરૂપે દ્રવ્ય અલગ ફાળવી એ દ્રવ્ય શ્રીમહાપ્રભુજીનું છે એવો ભાવ મનમાં રાખી એ દ્રવ્યથી ભગવત્સેવા કરવી. અને જ્યારે પોતાનામાં સમ્પૂર્ણ શરણાગતિ સિદ્ધ થાય, ઈતર વ્યાસંગ છૂટી જાય, ભગવત્સેવાથી ઈતરની સર્વ

સાંસારિક અપેક્ષાઓ નિવૃત્ત થઈ જાય ત્યારે પોતાનામાં અને પોતાના સર્વમાં શ્રીમહાપ્રભુજીને નિવેદિત બુદ્ધિ રાખી પોતાના ભાગે જે આવતું હોય તે દ્રવ્યમાંથી ભગવત્સેવા કરવી. પુષ્ટિ પુરુષોત્તમ શ્રીઠાકોરજી આ માર્ગમાં શ્રીવલ્લભ-વિઠ્ઠલનું જ કરેલું અંગીકાર કરે છે અને શ્રીમહાપ્રભુજી પોતાના શરણાગત સેવકોનું જ અંગીકાર કરે છે. તેથી અવૈષ્ણવોના ભાગનું અથવા શ્રીમહાપ્રભુજીના શરણભાવથી રહિત તથા ભગવત્ પ્રીતિથી રહિત એવાઓના ભાગના દ્રવ્યથી સેવા કરવી નહીં.

(૩૫) **अविश्वासो नैव कर्तव्यः सर्वथा बाधकस्तु सः ॥**

(વિવેકધૈર્યાશ્રય)

વૈષ્ણવોએ ક્યારેય પ્રભુમાં, પ્રભુના સામર્થ્યમાં કે પછી પ્રભુ સંબન્ધી વિષયોમાં અવિશ્વાસ કરવો નહીં. તેમજ પોતાને ત્યાં બિરાજતી સેવામાં આ સાક્ષાત્ પ્રભુ શ્રીકૃષ્ણ છે તેવો દઢ વિશ્વાસ સહિત ભાવ રાખવો. તથા પ્રભુ આરોગે છે કે નહીં ? પ્રભુ આરોગ્યા કે નહીં ? સેવા અંગીકાર કરી કે નહીં તેવો સન્દેહ પણ મનમાં રાખવો નહીં. કારણ કે આપણા તરફે સેવા કરતા હોઈએ તો જ પ્રશ્નો ઊભા થાય છે પણ શ્રીમહાપ્રભુજીની આડીથી વૈષ્ણવો પ્રભુને જે કંઈ પણ નિવેદન કરે છે તે પ્રભુ અવશ્યમેવ અંગીકાર કરે જ છે. તેથી સેવામાં પણ કોઈ અવિશ્વાસ કરવો નહીં.

(૩૬) **अव्यावृत्तो भजेत् कृष्णम् ।** (ભક્તિવર્ધિની)

ભગવદ્ ભજન-ભગવત્સેવાને અનુકૂલ ન હોય તેવી સર્વ વ્યાવૃત્તિ-પ્રયત્નોને છોડી અવ્યાવૃત્ત રહીને જ ભગવદ્ ભજન કરવું એ શ્રેષ્ઠ પ્રકાર છે. (આ લોક અને પરલોક સંબન્ધી શ્રેય કે પ્રેયનો વિચાર રાખી દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અન્તઃકરણ અને તેના ધર્મો વડે પોતાનું લૌકિકમાં ક્રિયારૂપ પ્રવર્તન થવું વ્યાવૃત્તિ છે. અથવા વધુ સરળ રીતે કહેવામાં આવે તો પોતાનું સુખ અથવા જીવનના ઉત્કર્ષનો વિચાર રાખી તેમજ પોતાને લક્ષ્યમાં રાખી કોઈ પણ પ્રકારની કરવામાં આવતી પ્રવૃત્તિ એ વ્યાવૃત્તિ છે. તેથી વ્યાવૃત્તિનું અકરણ - નહીં કરવું એ અવ્યાવૃત્તિ છે).

(૩૭) **वृथाऽऽलापिक्रियाध्यानं सर्वथैव परित्यजेत् ।**

(સર્વનિર્ણય પ્રકરણ-૨૩૫)

શક્ય હોય તો આમરણાન્ત સમયને માટે અને વિશેષ નહીં તો કમસે કમ સેવાના સમયે (૧) ભગવત્સંબન્ધથી રહિત એવું વૃથા બોલવું, (૨) સેવાથી ઈતર એવી વૃથા ક્રિયા કરવી અને (૩) પ્રભુથી ઈતર એવું વૃથા વિષયોનું ધ્યાન કરવું, આ ત્રણેનો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરવો.

(૩૮) **व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ॥**

(ભક્તિવર્ધિની)

જ્યારે વૈષ્ણવ અવ્યાવૃત્ત પક્ષે નહીં રહી શકતા હોય ત્યારે અપેક્ષિત વ્યાવૃત્તિ કરીને પણ વ્યાવૃત્ત રહીને પણ વ્યાવૃત્તિના વિષયમાં આસક્તિ રાખ્યા વિના પ્રભુની કથા શ્રવણ વગેરે ભક્તિમાં ચિત્તને જોડતા રહેવું જોઈએ.

(૩૯) **सर्वथा वृत्तिहीनश्चेदेकं यामं हरौ नयेत् ।**

पठेच्च नियमं कृत्वा श्रीभागवतमादरात् ॥

(સર્વનિર્ણયપ્રકરણ-૨૩૨)

જો સર્વથા વૃત્તિહીન હોય અને વૃત્તિ કરવી જ પડે તો એક મુહૂર્તમાત્ર સેવામાં રહીને બાકીના સમયમાં વૃત્તિ કરવી. પણ તે વૃત્તિના સમયમાં પણ ચિત્તને વૃત્તિમાં આસક્ત કર્યા વિના તે સમયે પણ અનુકૂળતા મુજબ શ્રીભાગવતમાં વર્ણિત ભગવલ્લીલાઓનું અથવા યમુનાષ્ટક વગેરે શ્રીઆચાર્યચરણની વાણીનું અનુસંધાન કરતાં રહેવું તેમજ વૃત્તિ પણ ધર્મશાસ્ત્રમાં નિષિદ્ધ હોય તેવી કરવી નહીં. જેમ કે વેશ્યાવૃત્તિ, સટ્ટાખોરી, દારૂ, માંસ-ઈંડાનો ધંધો, વ્યાજખાઉ ધંધો વગેરેથી વૃત્તિ કરવી નહીં અને ધર્મસમ્મત પ્રકારે વૃત્તિ કરતાં જીવન સમ્પાદન કરવું.

(૪૦) **असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥**

(સિદ્ધાન્તરહસ્ય)

જગતના સર્વ પદાર્થો દોષયુક્ત છે અને અન્ન એવા ઓડકાર તેથી આપણી બુદ્ધિ પ્રભુથી વિમુખ ન થાય તથા પ્રભુસેવામાં બની રહે તે માટે દરેક પદાર્થો પ્રભુને સમર્પિત કરીને જ લેવા. પ્રભુ સર્વથા દોષરહિત નિર્દોષ છે. તેથી પદાર્થો સમર્પિત થવાથી ભગવત્સંબંધવાળા થઈ નિર્દોષ બને છે.

(૪૧) **शङ्खचक्रादिकं धार्यं मृदा पूजाङ्गमेव तत् ॥**
तुलसीकाष्ठजा माला तिलकं लिङ्गमेव तत् ॥

(સર્વનિર્ણયપ્રકરણ-૨૪૪)

શંખ-ચક્ર વગેરે ચિહ્નો ગોપીચંદન વગેરે દ્વારા ધારણ કરવા અને અહર્નિશ (કંઠમાં) તુલસીકાષ્ઠની માળા તથા (મસ્તક પર) ઊર્ધ્વપુંડ્ર-ભગવચ્ચરણાકૃતિ તિલકને (કુમકુમ-કેસર યા કસ્તૂરી વડે) ધારણ કરવા.

(૪૨) **एकादश्युपवासादि कर्तव्यं वेधवर्जितम् ।**
तथा कृष्णाष्टमी चापि सप्तमीवेधवर्जितम् ॥

(સર્વનિર્ણયપ્રકરણ-૨૪૫)

એકાદશીની અરૂણોદય વેલામાં દશમી ન હોય તેવી દશમીવેધ રહિત એકાદશીનું વ્રત કરવું. તેવી જ રીતે શ્રાવણ વદ આઠમે, ભાદરવા સુદ બારસે, ચૈત્ર સુદ નોમે અને વૈશાખ સુદ ચૌદશે અનુક્રમે કૃષ્ણ, વામન, રામ અને નૃસિંહ જયન્તીના વ્રતો કરવા. આમાંથી અષ્ટમી તથા નવમી ઉદયાત્ લેવી. પરંતુ પૂર્વવિદ્ધા ક્યારેય ન લેવી તથા દ્વાદશી ઉદયાત્, કાર્યકાલવ્યાપિની, શ્રવણયુક્તા લેવી પણ જો દ્વાદશી ઉદયાત્ હોઈને પણ કાર્યકાલમાં દ્વાદશી અને શ્રવણ બન્ને રહેતા ન હોય, એકાદશીએ કાર્યકાલમાં શ્રવણ મળતું હોય તો તે દિવસ માનવો. ચતુર્દશી ઉદયાત્-કાર્યકાલ વ્યાપિની લેવી.

(૪૩) **संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ॥**
कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥

(નિરોધલક્ષણ)

સંસારમાં-સાંસારિક વિષયભોગમાં જેમની ઈન્દ્રિયોને અત્યન્ત આસક્તિ છે તેવા લોકોને પરિણામે જીવનમાં પ્રાપ્ત થતા અત્યન્ત ક્લેશ અને દુઃખોનો ચિત્તમાં બરાબર વિચાર કરી, ઈન્દ્રિયોના તે-તે વિષયોમાંથી

ચિત્તને હટાવી (કાનથી દુનિયાની વાતો સાંભળવાની ઈચ્છા, આંખથી દુનિયાનું સૌન્દર્ય જોવાની ઈચ્છા, પગ વડે દુનિયામાં ફરવાની ઈચ્છા, નાક વડે જગતના સુગન્ધિત પદાર્થો સૂંઘવાની ઈચ્છા, ઉપસ્થથી સ્ત્રી ભોગની ઈચ્છા વગેરેમાંથી ઉપર જણાવ્યા પ્રમાણે વિચારી આ બધું પરિણામે ક્લેશ અને દુઃખ આપનારું છે તેમ અનુભવી દુનિયાની વાતોમાં શું સાંભળવાનું છે, દુનિયાનું નાશવાન સૌન્દર્ય જોઈને શું ! વગેરે વિચારથી વિષય ભોગમાંથી ચિત્ત હટાવી) પોતાની સર્વ ઈન્દ્રિયોને પ્રયત્નપૂર્વક ધીરે-ધીરે પ્રભુ સેવામાં યોજતા જવું તેમજ મારું અને મારા માટેમાં આવતા સર્વ પદાર્થોમાં સ્ત્રી, પુત્ર, ઘર, સ્વજનો, ધન, તથા પાપ-પુણ્યના ફલ વગેરેમાં મમત્વ બુદ્ધિ દૂર કરી (દૂર કરતા જવું અને) તેમાં સર્વમાં વ્યાપક એવા પ્રભુનું દર્શન કરતાં (તે સર્વમાં પ્રભુની સ્થિતિનો બુદ્ધિના વિચારપૂર્વક અનુભવ કરી) તે બધામાં પણ પોતાનું કે પોતાનો વિચાર ન રાખી ભગવત્સંબંધનું જ અનુસંધાન કરવું. આમ કરવાથી ઈન્દ્રિયો ભગવત્ પરાયણ થતાં બહિર્મુખતા દૂર થશે અને ચિત્તનો સેવામાં નિરોધ થશે.

(૪૪) **यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।**
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥
(નિરોધલક્ષણ)

સર્વ પ્રથમ તો જ્યાંસુધી ઈન્દ્રિયોની ભગવત્સેવામાં યોજના થતી હોય ત્યાં સુધી તો તેને સેવામાં યોજવી એ જ શ્રેષ્ઠ છે પણ જ્યારે ઈન્દ્રિયોની પ્રભુ પ્રીત્યર્થ યોજના ન થઈ શકતી હોય (અથવા ભગવત્સેવા-ભગવત્ પ્રીતિથી ઈતર પ્રકારે ઈન્દ્રિયો પોતાની માંગણીઓ મૂકે) તો તેવે વખતે સંયમ વગેરે સાધનોથી નિગ્રહ જ કરવો જોઈએ પણ ઈન્દ્રિયોની સાંસારિક વિષયવાસનાઓને વૈષ્ણવોએ પોષવી જોઈએ નહીં.

આ પ્રમાણે સ્વરૂપ સેવામાં બાહ્ય-આંતર એવા બે ભેદોનો ઉપદેશ કરીને જો સ્વરૂપ સેવામાં પોતાનો અનધિકાર જણાય તો તેવા લોકોએ નામ સેવા દ્વારા પણ ભક્તિમાર્ગમાં પ્રવેશ કરી ભક્તિબીજને દૃઢ કરવા યત્ન કરવો, તે હવે કહેવામાં આવે છે -

(૪૫)**अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।**
पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ॥
वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।
तदभावे यथैव स्यात्तथा निर्वाहमाचरेत् ॥
(સર્વનિર્ણયપ્રકરણ-૨૫૩-૨૫૪)

ભગવત્પ્રીતિ-ભગવદ્ ભજન હેતુથી ઈતર બીજો કોઈ પણ હેતુ ચિત્તમાં રાખ્યા વિના (શ્રીમદ્ ભાગવત એ સાક્ષાત્ પ્રભુ શ્રીકૃષ્ણનું વાંગ્મય સ્વરૂપ છે તેવું ભાવન કરી) પ્રયત્નપૂર્વક અને ખૂબ જ આદર-શ્રદ્ધાપૂર્વક શ્રીમદ્ ભાગવતનું સદા-સર્વદા પઠન કરતાં રહેવું. કાયિક-વ્યાવહારિક કાર્યો કરતાં-કરતાં પણ મનમાં ભાગવતીય ભગવલ્લીલાઓનું સ્મરણ કરતાં રહેવું (યમુનાષ્ટક, પુરુષોત્તમ નામસહસ્ર, ત્રિવિધનામાવલી, નિરોધલક્ષણ વગેરે ષોડશગ્રન્થોનો આમાં સમાવેશ થઈ જાય છે). તેમજ પ્રાણ કંઠમાં આવી જાય તેવી આપત્તિ આવી પડે તોયે વૃત્તિ ચલાવવાના હેતુથી વૈષ્ણવોએ પઠન કરવું નહીં. ભાગવતથી વૃત્તિ કરવાનું સર્વથા ન રાખી બીજી જે પણ રીતે નિર્વાહ થતો હોય તેમ કરવું.

(૪૬) **तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।**
(ભક્તિવર્ધિની)

બધું જ છોડીને પ્રભુમાં પરાયણ થયેલા ભગવદીયો માટે પણ સાંસારિક વાતાવરણથી યુક્ત એવા ગૃહમાં સતત રહેવું તે ભગવદ્ભાવમાં વિઘાતક છે (તો પછી તેવી કક્ષાએ નહીં પહોંચેલા સાધારણ કક્ષાના વૈષ્ણવો માટે તો ઘર-સંસારના સતત સેવન વિષયમાં તો કહેવું જ શું ? તેથી ઘર-સંસારના સાતત્યને તોડવા વચ્ચે-વચ્ચે તીર્થ વગેરેમાં પર્યટન કરવા જવું જોઈએ અને ત્યાં જઈ તેટલા સમયને માટે ગૃહાસક્તિ તથા વિષયભોગોથી અળગા રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.)

(૪૭) **जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे वेङ्कटे तथा ।**
यत्र पूजाप्रवाहः स्यात्तत्र तिष्ठेत तत्परः ॥
(સર્વનિર્ણય પ્રકરણ-૨૫૫)

(ભારતમાં અનેક વિભિન્ન પ્રકારના તીર્થો-ક્ષેત્રો છે તેમાંથી વૈષ્ણવોએ કયા અને કયા પ્રકારના સ્થાનોમાં યથાકાલ નિવાસ કરવો ? તે માટે કહે છે) જગન્નાથ-પુરુષોત્તમક્ષેત્ર-ઓરિસ્સા (જગન્નનાથપુરિ), વિઠ્ઠલ-પાંડુરંગ વિઠ્ઠલનાથજી-પંઢરપુર (મહારાષ્ટ્ર), શ્રીરંગ-શ્રીરંગક્ષેત્ર-ત્રિચિનાપલ્લી (તમિલનાડુ), વેંકટ-વારાહક્ષેત્ર-વેંકટેશ તિરુપતિ બાલાજી (આન્ધ્ર) વગેરે સ્થળો કે જ્યાં વિષ્ણુભક્તિ-પૂજા પ્રવાહ રૂપે સતત અહર્નિશ વહ્યા કરતી હોય ત્યાં ચિત્તને ભગવત્પરાયણ બનાવી રહેવું.

(૪૮) **बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।**
(ભક્તિવર્ધિની)

(ઉપર્યુક્ત તીર્થ-ક્ષેત્ર વગેરેમાં નિવાસ કરતાં-) પ્રતિબન્ધકતાઓની સંભાવનામાં એકાન્તવાસ (તદ્દન એકલા રહેવું) એ બરાબર નથી. આ સ્થાનોમાં કલહ-દ્વેષ વગેરે દોષોની સંભાવના હોવાથી અથવા એકલા પડવાથી મનમાં કામ, લોભ, ઈચ્છા વગેરે પ્રકારે સંસાર ચિન્તન દોષની સંભાવના હોવાથી સર્વથા એકાન્તવાસ એ વૈષ્ણવો માટે યોગ્ય નથી)

(૪૯) **अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।**
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥
(ભક્તિવર્ધિની)

જે લોકો પોતાના સ્વાત્મસહિત દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, સ્ત્રી, પુત્ર, ઘર, ધન વગેરે વાણી-મન બુદ્ધિથી પ્રભુને સમર્પી ચુકયા છે તથા જેમના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ પ્રભુ સેવનમાં પરાયણ બની ચુક્યા છે તેવા ભગવદીય વૈષ્ણવોનો સહવાસ રાખીને ઉપર જણાવ્યા મુજબના પૂજાપ્રવાહવાળા સ્થાનોમાં રહેવું. તે પણ પાસે રહો યા થોડા દૂર રહો પણ એવી રીતે રહેવું કે જેનાથી આપણું ચિત્ત દૂષિત થાય નહીં. (આવા વૈષ્ણવોના એટલા સમીપમાં જવું કે જ્યાંથી તેમની ભગવત્ પ્રીતિ, ભગવત્સેવામાં રુચિ તથા અહર્નિશ ભગવત્ પરાયણતાને સ્પષ્ટ રીતે જોઈ શકાય -અનુભવી શકાય કે જેથી તેનો આપણા મન-બુદ્ધિ પર પ્રકાશ પડી શકે તથા ભગવન્માર્ગ પર ચાલવાનું તેથી માર્ગદર્શન મળી શકે પણ આપણા ચિત્તની લૌકિકતાનો વિચાર રાખી બે વ્યક્તિનો સહવાસ એ પરિણામતઃ આસક્તિ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળો હોવાથી અને તેવી આસક્તિ એ કામ, ક્રોધથી લઈ બુદ્ધિનાશ પર્યન્તના

દોષને ઉત્પન્ન કરવાવાળી હોવાથી તેવી આસક્તિ ન જન્મે તેટલા દૂર પણ રહેવું જોઈએ. સારાંશમાં ભગવદ્ ભાવ- ભગવદ્ આસક્તિના વર્ધન માટે તેટલા પુરતો જ ભગવદીયોનો સહવાસ અપેક્ષિત છે પણ તે સહવાસ ક્યારેય વ્યક્તિગત આસક્તિનું સ્વરૂપ ધારણ ન કરી લે તેનો પણ વિચાર રાખવો જરૂરી છે. જેમ શ્રીગોપીજનોએ શ્રીઉદ્ધવજીનો સંગ કર્યો હતો તે રીતે વૈષ્ણવોનો સંગ કરવો).

(૫૦) **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।**

(નવરત્ન)

પ્રભુના પ્યારા એવા ભગવદીય તાદશી વૈષ્ણવો પોતાના જીવનમાં પોતે કરેલા આત્મનિવેદનનો (તેના ભાવાર્થ અનુસાર પરિપાલનરૂપે) નિર્વાહ કેવી રીતે કરે છે તે તેમની સાથે રહીને બરાબર જોવું તથા જાણવું અને પોતે કરેલા આત્મનિવેદનમાં શું કહી ગયા છીએ, શું કરી રહ્યા છીએ તથા શું કરવું જોઈએ તેનું પોતાનામાં સંશોધનપૂર્વક વિચાર કરવો. તેમજ આત્મનિવેદનની ચરિતાર્થતારૂપે સેવામાં ઉપયોગી-આવશ્યક એવા શ્રીમહાપ્રભુજી દ્વારા ષોડશ ગ્રન્થો વગેરેમાં કહેવાયેલા કયા-કયા સિદ્ધાન્તોનું કેવા સમયમાં કેવી રીતે પરિપાલન તે ભગવદીયો કરે છે તેનું અવગાહન કરતા રહેવું.

(૫૧) **ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।**
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥

अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥
अलौकिकमनः सिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥

(વિવેકધૈર્યાશ્રય)

(પ્રભુમાં પોતાનું આત્મનિવેદન કર્યા પછીથી પોતાનો પ્રભુની સેવામાં અભિનિવેશ કરાવીને ત્યારબાદ પોતાની સર્વ વસ્તુમાં માત્ર પ્રભુનું શરણ જ ભાવન કરવું. જીવસ્વભાવથી આપણામાં જે અહંમમની ગ્રંથીઓ છે તે કંઇ એકદમ છુટી શકે તેમ નથી. ત્યારે હું અને મારું આ બન્નેમાં થોડો વધારો કરી હું-પ્રભુનો દાસ છું અને મારું-શરણ શ્રીહરિ હો આ પ્રમાણે મનમાં વિચારવું). આ લોક સંબન્ધી કે પરલોક સંબન્ધી (અથવા આ જન્મ કે પછી જન્માન્તર સમ્બન્ધી) વિષયમાં પણ માત્ર પ્રભુનું શરણ મનમાં ભાવન કરી પોતાની જાતને સેવામાં લગાવી રાખવી. દરેક પ્રકારના દુઃખો આવી પડે તો તેની નિવૃત્તિમાં, જાણે અજાણે પાપ યા ભગવદપરાધ થઈ ગયો હોય ત્યારે, કોઈ પણ પ્રકારનો ભય પ્રાપ્ત થાય ત્યારે, કોઈ પણ પ્રકારની કામનાઓની પૂર્તિમાં કે અપૂર્ણ રહી ગઈ હોય ત્યારે, પોતાનાથી જીવસ્વભાવથી પ્રભુના ભક્તોનો-વૈષ્ણવોનો અપરાધ થઈ ગયો હોય, સેવા-કથામાં ઉપસ્થિત થવા છતાં ચિત્ત ન લાગતું હોય, વૈષ્ણવો દ્વારા પોતાનું અતિક્રમાણ થયું હોય, પોતાનાથી જે ન થઈ શકે તે અશક્ય બાબતોમાં કે પછી પોતાનાથી શક્ય હોય તેવી બાબતોમાં, પોતાનાથી અહંકારથી કોઈ કામ થઈ ગયું હોય કે કંઇ બોલાઈ ગયું હોય, જેમની જવાબદારી આપણા ઉપર છે તેવાઓના પોષણ કે રક્ષણમાં

તેમજ પુત્ર, પત્ની, નોકર વગેરે દ્વારા પોતાનું અતિક્રમણ થયું હોય, પોતાના શિષ્યો વડે અતિક્રમણ થયું હોય તેમજ અલૌકિકમાં મનની સિદ્ધિને અર્થે, લૌકિક-અલૌકિક સર્વ અર્થની સિદ્ધિમાં આ બધી જ બાબતોમાં શ્રીહરિના શરણનું જ સર્વથા મનમાં ભાવન કરવું તથા પોતાની વાણી દ્વારા પણ શ્રીહરિના શરણનું સંકીર્તન (ઉચ્ચ સ્વરથી ગાવું) કરવું. (પણ આથી ઈતર બીજા કોઇ પણ ઉપાયો ઉપરની બાબતોમાં કરવા નહીં).

(૫૨) **अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च ।**
प्रार्थना कार्यमात्रेऽपि तथाऽन्यत्र विवर्जयेत् ।।
(વિવેકધૈર્યાશ્રય)

પરબ્રહ્મ, પરમાત્મા, પૂર્ણપુરુષોત્તમ, ભગવાન શ્રીકૃષ્ણના મૂળરૂપ સિવાયના ઈતર સર્વને અન્ય કહેવાય છે, અન્યનું ભજન-સેવન કરવું નહીં (પણ વૈષ્ણવોએ માત્ર શ્રીકૃષ્ણનું જ ભજન-સેવન કરવું.) તેમજ પોતે સામે ચાલીને કારણ વગર ત્યાં જવું પણ નહીં (પણ જો માર્ગમાં કોઈ દેવાલય વગેરે આવી જાય અથવા કોઈ કારણસર ત્યાં જવાનો પ્રસંગ પડે તો તેવે વખતે ત્યાંથી મોઢું ફેરવીને ચાલ્યા ન જવું તથા તે દેવતાઓને પ્રભુનાં વિરાટ્ સ્વરૂપમાં અંગ તરીકે વિભૂતિ તરીકેના ભાવથી અનાદર પણ ન કરવો પણ હાથ જોડી પ્રણામ-જયશ્રીકૃષ્ણ કરવા. તથા કદાચિત્ કાર્યવ્યામોહવશ (કાર્ય સિદ્ધ કરવાની પ્રબળ ઈચ્છાવશ) પ્રભુને વિજ્ઞાપના કરિએ તેવી વિજ્ઞાપના-પ્રાર્થના વગેરે કંઇ પણ અન્ય પાસે કરવું નહીં પણ માત્ર પોતાના સ્વામી શ્રીહરિનું શરણ જ ભાવન કરવું.

(૫૩) **तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।**
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ।।
(નવરત્ન)

વૈષ્ણવોએ પોતાના જીવનમાં લૌકિક-અલૌકિક સર્વ કાર્યો કરતાં અષ્ટાક્ષર મંત્ર (શ્રીકૃષ્ણ શરણં મમ)નું રટણ વગર રોકાયે શ્વાસોચ્છ્વાસની સાથે સતત કરતા રહેવું જોઈએ (વધુ નહીં તો કમસે કમ સેવાના સમયે સેવા માટે જરૂરી બોલવા સિવાય અન્ય વાતો ન કરી અષ્ટાક્ષર મંત્રનું રટણ કરતાં રહેવું જોઈએ. ગમે તેવી અપવિત્ર અવસ્થામાં આશૌચ વગેરેમાં પણ મનમાં અષ્ટાક્ષરનું રટણ કરતાં રહેવું જોઈએ. અપવિત્ર અવસ્થામાં અષ્ટાક્ષર મંત્રનો માળા લઈને જપ થઈ શકે નહીં પણ મનમાં રટણ થઈ શકે છે. ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં, નહાતાં, સૂતી વખતે, કોઈ કાર્ય કરતાં વગેરે દૈનિક જીવનમાં અષ્ટાક્ષરને વણતાં જવું જોઈએ અને ધીરે ધીરે અષ્ટાક્ષર મંત્રનું અનાયાસ સતત રટણ અહર્નિશ બની જાય તે રીતે વાણી તથા મનને વાળવું જોઈએ).

પરિશિષ્ટ

(પાન-૧૦ માં જણાવ્યા મુજબ)

પોતાના માતા-પિતા-મોટાભાઈ વગેરે વડીલો, પોતાનાથી ઉંમરમાં મોટા હોય તેમજ પોતાનાથી ઉચ્ચ યા પૂજ્ય સ્થાન પર રહેલા હોય તે સર્વનો આદર કરવો એ વૈષ્ણવતાનું લક્ષણ છે. આદર આપવાની વૃત્તિના અભાવે અહંકાર વધે છે અથવા અહંકાર વધવાને કારણે આદર આપવાની વૃત્તિ ઘટે છે. તેથી વૈષ્ણવોએ યથા સ્થાન સહુનો આદર કરવો તેવી જ રીતે ઘરે આવેલા વૈષ્ણવો, બ્રાહ્મણો, વ્રજવાસીઓ કે ચતુર્વેદી લોકોનો પણ યથોચિત, યથાશક્તિ, યથાસમય, સત્કાર કરી આદર આપવો. તેમ છતાં પણ જો કોઈ તેથી અધિકને માટે કહે અને તે માટે આપણી સામર્થ્ય કે ઈચ્છા ન હોય તો વિનયપૂર્વક, હાથ જોડી, સૌમ્ય સ્વરમાં 'બસ આપ હવે મને ક્ષમા કરો, પ્રભુએ આટલી જ મને શ્રદ્ધા અને સામર્થ્ય આપ્યા છે, જયશ્રીકૃષ્ણ એમ કહી વિરમવું પણ ક્યારેય ક્રોધ કરી અપશબ્દો બોલવા નહીં.'

તેવી જ રીતે વૈષ્ણવોએ ગુરુદ્વારમાં પણ ગુરુની માફક આદરપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. ભલે વલ્લભકુળના કોઈ પણ બાળકથી બ્રહ્મસંબન્ધ પ્રાપ્ત થયા હોય છતાં પણ સમસ્ત વલ્લભકુળમાં સમાન આદર રાખવો કારણ કે જેના થકી પ્રભુએ આપણને શરણે સ્વીકાર્યા છે તે શ્રીમહાપ્રભુજીનો સમાન અંશ સર્વ બાળકોમાં વિદ્યમાન છે અને તે જ વૈષ્ણવોને માટે વંદનીય પૂજ્ય છે. (આનાથી પોતાના મુખ્ય ગુરુદ્વારમાં જો વિશેષ નિષ્ઠા હોય તો તેને કોઈ બાધ આવતો નથી) યદિ કોઈ વખત કોઈ સ્થાનમાં (કોઈક ગોસ્વામી બાળક પ્રત્યે) કોઈ અન્ય કારણોથી

વૈષ્ણવને પોતાની શ્રદ્ધા અને સદ્ભાવ ટકાવી રાખવામાં અસમર્થતા યા મુશ્કેલી અનુભવાતી હોય તો તેવે વખતે વિષમ સમયમાં પરમ કારુણિક ભગવદ્ વદનાવતાર શ્રીમદ્ આચાર્યચરણના સદૈવ સ્મર્તવ્ય અનન્ત દિવ્ય ગુણયુક્ત દૈવીચરિત્રના પુનઃ પુનઃ અનુશીલનપૂર્વક અને સર્વે દુઃખોથી છુટકારો કરાવનાર અષ્ટાક્ષર મહામંત્રના ઉચ્ચારણપૂર્વક ગાન કરતા પોતાના હૃદય અને વાણીને વિષાક્ત થવામાંથી બચાવી લેવું એ જ સર્વથા યોગ્ય અને લાભપ્રદ છે. જે વૈષ્ણવ ગુરુદ્વારમાં આદર તેમજ ગુરુદ્વારમાં પરમગુરુનું દર્શન કરી નહી શકે તે ભૌતિક પદાર્થોથી બનેલી પ્રતિમામાં કેવી રીતે ભગવદ્ ભાવની પુષ્ટિ કરી શકશે ? ત્યાં પણ પોતાના આ સ્વભાવથી દોષ દર્શન એ ભાવપુષ્ટિમાં બાધક જ બનશે. પ્રભુએ આંખ, કાન વગેરે ઈન્દ્રિયો આપી છે અને આંખો છે તો તે જોશે જ અને કાનમાં શબ્દો પણ સંભળાશે જ, કિન્તુ જોવા-સાંભળવામાં યદિ પદાર્થગત દોષોની મલિનતા ચિત્તગત થાય તો પરિણામે આપણે જ મલિનતાથી યુક્ત થઈને આપણી આંતર શાન્તિમાં આપણે જ ખલેલ પહોંચડનારા કહેવાઈશું. દોષચિન્તન પોતાનું હો યા અન્ય ગમે તેનું હોય તે હાની કરનાર જ છે, માત્ર ભગવદ્ગુણો-લીલાઓનું ચિન્તન જ પરમ શ્રેયસ્કર છે જ્યારે સાધારણમાં પણ તિરસ્કાર વગેરે દુર્ભાવો નિષિદ્ધ છે તો પછી ગુરુકોટિમાં તો તેની વૈધતા કેવી રીતે સ્વીકારી શકાય છે ?

અહીં પણ શ્રીઆચાર્યચરણનો અભિમત જ વૈષ્ણવો માટે અનુસરણીય છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કન્ધના નવમા અધ્યાયના ચોથા શ્લોકમાં મહાભારત યુદ્ધની સમાપ્તિના પછી શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર અને બાકીના પાંડવો, ઋષિ, મુનિગણ અને સેવકગણ વગેરે બધા જ સૂર્યના

મકર પ્રવેશની રાહ જોઈને શરશૈયા પર સુતેલા ભીષ્મપિતામહની પાસે પહોંચે છે ત્યારે શ્રીકૃષ્ણ સહિત બધા જ પાંડવો ભીષ્મજીને પ્રણામ કરે છે. આ પ્રસંગ પર શ્રીસુબોધિની લખતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે - **तादृशोऽपि देवो मनुष्याणां नमस्करणीयः । तथा भीष्मोऽपि भगवद्विरोधाचरणेऽपि नमस्करणीयः । यथा देवः स्वपदच्युतोऽपि अन्येयां भजनीयः । बुद्ध्यादीनां विद्यमानत्वात् । तथा भीष्मोऽपगतदेहोऽपि ज्ञानपूर्णत्वान्नमस्करणीय इत्यर्थः ।**

ત્યાં જ આગળ કારિકામાં શ્રીઆચાર્યચરણ લખે છે - **आगत्य नमनं यत्तु लोकाद् भक्तस्तथा न चेत् । विपरीतत्वमापन्नः कथमेवं भवेदिति । सर्वैः सह नमस्कारस्ततो भगवताकृतः ॥** આ જ સ્થાનની શ્રીસુબોધિનીના પ્રકાશમાં વિદ્વદ્વરેણ્ય ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ લખે છે - **आगत्येत्यादि । आगत्य यन्नमनं तत्तु लोकात् लोकमाश्रित्य लोकसङ्ग्रहार्थमित्यर्थः । लोकसङ्ग्रहस्वरूपमाहुः । भक्तस्तथा नम्यः, न चेत् यदि भक्तो न स्यात् । विपरीतत्वं दोग्धृभावमापन्नः प्राप्तः कथमेवं नम्यो भवेदिति अयं यादृशतादृशभक्तस्य नम्यत्वबोधनरूपो लोकसङ्ग्रह इत्यर्थः ।’**

અર્થાત્ - જેમ દેવસ્થાનીય પોતાના નિજપદથી ચ્યુત થવા છતાં પણ સ્થાનતઃ તેનાથી નીચેના લોકોને માટે તો તે નિતાન્ત વંદનીય યા ભજનીય જ હોય છે. જેમ ઈન્દ્ર વગેરેને માટે બ્રહ્માજી, બીજા દેવોને માટે ઈન્દ્ર, મનુષ્યો વગેરેને માટે બધા દેવગણો, બધા વર્ણોને માટે બ્રાહ્મણ તેવી જ રીતે મહાભારત યુદ્ધમાં ભગવદ્ વિરોધરૂપ આચરણ કરવા છતાં

પણ અન્યોને માટે તો ભક્ત હોવાને કારણે તે ભીષ્મજી નમસ્કારને પાત્ર જ છે. નમસ્કરણીય જ છે, તિરસ્કાર કરવાને તે સર્વથા પાત્ર નથી (હા એટલું છે એમનું ભગવદ્ વિરોધરૂપ આચરણ પણ બીજાઓને માટે સર્વથા અનુકરણનીય નથી જ) ભગવદ્ ભક્ત જો અપરાધવશ ભગવદ્દત્ત દંડને ભોગવતો હોય એવા સમયમાં જો બીજો કોઈ દુર્ભાવિના આવેશને લીધે તે ભક્તનો પરિહાસ-ઉપહાસ કરે યા તિરસ્કાર કરે તો તે ભક્તાપરાધ જ કહેવાશે અને તે ઈશ્વર સંહિતામાં દંડને લાયક જ બનશે. જેમ લૌકિકમાં કોઈ મોટા અફસરથી દોષ થઈ જતાં તેને ઉપર સત્તા દ્વારા દંડ પ્રાપ્ત થાય છે. એવામાં જો જેને દંડ કરવામાં આવ્યો છે તે અફસરના હાથ નીચેના લોકો તે ઑફિસરનો તિરસ્કાર કરે અને તેનું અપમાન કરે તો તે લોકો પણ પોતાનાથી ઉપરી સત્તાનું અપમાન કરવાના અપરાધમાં સર્વોપરી સત્તા દ્વારા દંડપાત્ર બની જાય છે, જેમ અપ્રતિષ્ઠિત યા ખંડિત હોવા છતાં પણ ભગવન્મૂર્તિ અનાદરણીય થતી નથી, જેમ કામ ક્રોધાદિ યા અન્ય દુર્ગુણોથી યુક્ત પિતા પણ પુત્રને માટે તો સદૈવ નમસ્કરણીય જ હોય છે, જેમ વર્તમાન ભારતીય રાજ્યસંહિતામાં રાષ્ટ્રના સર્વોચ્ચ સ્થાન પર રહી ચુકેલ વ્યક્તિ સ્થાન ત્યાગના અનન્તર પણ આજીવન વિશિષ્ટ તથા રાષ્ટ્રીય બહુમાનને પાત્ર ગણવામાં આવે છે તથા સ્થાનાસીનથી રહિત દશામાં પણ રાષ્ટ્ર દ્વારા તે વિશિષ્ટ આદરને ભોગવે છે જેમ સેવા પૂજામાં ભગવદ્ ઉપયોગમાં આવેલા પુષ્પો કાલાન્તરમાં ભગવદ્ અનુપયોગી થઈ જતાં પણ અને તેમાં ગળવું-સડવું વગેરે દોષો ઉત્પન્ન થઈ જવા છતાં પણ સેવક-પૂજક-સાધક યા અન્યોને માટે તે આદરણીય જ રહે છે અને તેથી જ ભગવત્ પ્રસાદી સૂકાયેલી-ગળી ગયેલી ફૂલની પાંખડીઓને પણ આદરવશ આપણો પગ લાગવા દેતા નથી અને જો ભૂલથી લાગી જાય તો

તેને માથે-આંખે ચઢાવીને અપરાધનિવારણ કરીએ છીએ. તેવી જ રીતે ગુરુ યા ગુરુદ્વારોની પણ ગમે તે સમયે નિન્દા-તિરસ્કાર-અવહેલના કરવી એ શિષ્ય-સેવક યા વૈષ્ણવને માટે અપરાધરૂપ જ છે. અતઃ વૈષ્ણવોએ વિવેકપૂર્વક આ અપરાધથી સદૈવ બચતા રહેવું જોઈએ.

આ બધું લખાણ કોઈ વર્ગવિશેષને માટે પક્ષપાતપૂર્ણ યા સ્તુતિરૂપ નથી લખ્યું પણ જે સિદ્ધાન્ત સત્ય છે તેનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે જેથી કોઈ પણ બુદ્ધિમાન વિચારક આને વાંચીને યોગ્ય નિર્ણય લઈ પોતાની જાતને શ્રીઆચાર્યચરણના આ માર્ગમાં આગળ વધારી શકે છે.

પોતાના વંશજો તથા સેવકો (વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનો સાર રૂપ ઉપદેશ) (આસુર વ્યામોહલીલા (નિત્યલીલા પ્રવેશ) વખતે)

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथश्चन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ।
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ।।

(શિક્ષાપદ્યાનિ)

(અન્યાશ્રય, અસમર્પિત વસ્તુનો ઉપયોગ, અસદ્ આલાપ, અસત્ વ્યક્તિઓનો-વસ્તુઓનો કે વિષયોનો સંગ વગેરેથી) જ્યારે (જો) તમે કોઈ પણ પ્રકારે પ્રભુથી બહિર્મુખ (મન-બુદ્ધિ-ચિત્ત-અન્તઃકરણ સહિત સર્વ ઈન્દ્રિયોનું ભગવાનમાંથી પરાવર્તન થઈ માત્ર સંસારમાં આસક્ત થવું) થઈ જશો ત્યારે (તો) (વર્ષોની સેવા-ભક્તિથી સમ્પાદન થયેલા હોવા છતાં પણ, તેવા પણ તમારા) દેહ-ચિત્ત વગેરે કાલપ્રવાહમાં પડેલા થઈ જશે અને તે કાલ તમારું સર્વથા ભક્ષણ કરી જશે એવી મારી મતિ છે (એમ હું માનું છું) (અથવા મારી બુદ્ધિથી જે ઠીક લાગ્યું તે કહ્યું છે. તેથી જો તમારે કાલનો કોળિયો ન બનવું હોય તો ક્યારેય કોઈ પણ પ્રકારે પ્રભુથી બહિર્મુખ થશો નહીં).

सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ।।

(રાસમાં ગોપીજનોના માન-મદને કારણે અન્તર્ધાન થઈ પુનઃ પૂર્ણદૈન્યનું પ્રાકટ્ય થતાં વ્રજભક્તોના મધ્ય આવિર્ભૂત થઈ તેમના ભાવનું પાલન-પોષણ કર્યું) તે જ ગોપીઓના ઈશ-સ્વામી શ્રીકૃષ્ણને (સદા) સેવવા, તે જ આપણું સર્વતઃ હિત કરશે-તેમનાથી જ આપણું સર્વ સિદ્ધ થશે.